જય જય ગરવી ગુજરાત   વંદે માતરમ્   RNI No.:GUJGUJ/2016/73451

Thursday
22.08.2024
✳Volume :9   ✳ Issue No.35
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશના વડાપ્રધાનપદનું સેવાદાયિત્વ સતત ત્રીજીવાર સંભાળવા માટે ગુજરાત વિધાનસભા ગૃહના અભિનંદન

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાન ગૃહના નેતા તરીકે પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રના પ્રથમ દિવસે અભિનંદન સંકલ્પ રજૂ કર્યો

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભા ગૃહના નેતા શ્રી ભૂપેન્દ્ર પટેલે, લોકસભાની તાજેતરની ચૂંટણીઓમાં ૧૪૦ કરોડ ભારતવાસીઓએ શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન તરીકેનું સેવાદાયિત્વ સતત ત્રીજીવાર સોંપ્યું તે માટે સમગ્ર ગુજરાત વતી અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, એક સામાન્ય અદના કાર્યકર્તાથી લઈને દેશના વડાપ્રધાન સતત ત્રીજીવાર બનવું એ અસાધારણ ઘટના છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારત દેશના સુકાની તરીકે ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈએ વિશ્વભરમાં ભારત અને ખાસ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ગૃહના નેતા તરીકે પંદરમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રના પ્રથમ દિવસની કાર્યવાહીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સતત ત્રીજીવાર દેશનું સેવાદાયિત્વ સંભાળવા માટે અભિનંદન આપતો સરકારી સંકલ્પ નિયમ-૧૨૦ અન્વયે ગૃહમાં પ્રસ્તુત કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી અને વિધાનસભાગૃહના તત્કાલીન નેતા તરીકે દોઢ દાયકા સુધી સુદીર્ઘ સેવાઓ આપીને જે નવા વિકાસ સીમાચિહ્નો સર કરાવ્યા છે તેની ફલશ્રુતિએ ગુજરાત આજે વિકાસનું રોલમોડલ બન્યું છે તેનું પણ તેમણે ગૌરવ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આઝાદી પછી જન્મેલા ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બે ટર્મ સુધી સફળતાપૂર્વક દેશનું નિર્ણાયક નેતૃત્વ કરીને વિશ્વભરમાં ભારતની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની વીઝનરી લીડરશીપમાં ભારત આજે વિશ્વની પાંચમી મોટી આર્થિક સત્તા બન્યું છે તેની વિસ્તૃત છણાવટ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના પાછલા ૧૦ વર્ષના સુશાસન ટ્રેક રેકોર્ડમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના કેપિટલ એક્સપેન્ડીચરની રકમ વાર્ષિક ૧૮ ટકાના વૃદ્ધિ દર સાથે આ વર્ષના બજેટમાં રૂપિયા ૧૧ લાખ કરોડ થઈ છે તે પણ વિકાસ પ્રેરક બાબત છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કેપિટલ એક્સપેન્ડીચરમાં થયેલા આ ગ્રોથને કારણે રોડ-રસ્તા, વીજળી, પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો વધતા લોકોનું 'ઈઝ ઓફ લિવીંગ' ઊંચું ગયું છે તે સાથે વ્યાપાર ઉદ્યોગ, લોજીસ્ટિક્સ વગેરેમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકેનું સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારે ભારત વિશ્વમાં ૧૧મા ક્રમની અર્થવ્યવસ્થા ધરાવતો દેશ હતો. પાછલા દશકામાં તેમની સુશાસન પ્રતિબદ્ધતાને પરિણામે દેશનો સર્વગ્રાહી વિકાસ થયો છે અને ભારત પાંચમું મોટું અર્થતંત્ર બની ગયો છે.

એટલું જ નહિ, તેમના કુશળ નેતૃત્વમાં ભારત વિશ્વના મોટા અર્થતંત્ર ધરાવતા દેશોમાં ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી તરીકે ઊભરી આવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, કોરોનાના કપરા બે વર્ષોને બાદ કરતા બાકીના આઠ વર્ષમાં દેશનો જી.ડી.પી. ગ્રોથરેટ સરેરાશ સાડા સાત ટકાનો રહ્યો છે. આ વધારાનો લાભ દેશના સામાન્ય માનવીને થયો છે. તેની આવકમાં વૃદ્ધિ થવાથી માથાદીઠ આવક અને રોજગારી બેય વધ્યાં છે. વડાપ્રધાનશ્રીએ દેશમાં કરેલા ટેક્સ રિફોર્મ્સ અને સરળ નીતિઓના પરિણામે સરકારની મહેસૂલી આવકમાં પણ પાછલા ૧૦ વર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે તેની પ્રસંશા કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દેશમાં ઈનકમ ટેક્સ, જી.એસ.ટી., એક્સાઈઝ અને સેસની કુલ આવકમાં પાછલા દશકામાં લગભગ અઢી ગણો વધારો થયો છે.

આ વધારાના પરિણામે થતી મહેસૂલી આવક રાષ્ટ્રનિર્માણ અને અંત્યોદય કલ્યાણ માટે ઉપયોગી થઈ રહી છે. પાછલા દાયકામાં વડાપ્રધાનશ્રીના નેતૃત્વની કેન્દ્ર સરકારે બેંકોમાં કરેલા મહત્વના સુધારાઓથી દેશની બેંકોની ધિરાણ આપવાની કેપેસીટીમાં વધારો થયો છે. અને ગત દાયકામાં કૃષિ ધિરાણ, એમ.એસ.એમ.ઈ.ને ધિરાણ, પીએમ સ્વનિધિ તથા મુદ્રા યોજનામાં સરળતાએ લોન-સહાય મળતા થયાં છે એમ તેમણે જણાવ્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં કરોડો લોકો - નાના વેપારીઓ તથા શેરી ફેરીયાઓને આર્થિક આધાર આપીને આત્મનિર્ભર બનાવવા માટે અનેક કલ્યાકારી પગલાઓ લીધા છે અને લોન સહાય પર વિશેષ ફોકસ ગત ૧૦ વર્ષમાં કર્યુ છે તેનો પણ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ આ અભિનંદન સંકલ્પની ચર્ચામાં જોડતાં કર્યો હતો. જનધન યોજના દ્વારા દેશમાં ૫૩ કરોડ લોકોના નવા બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. અને આજે દેશના લોકોના જનધન બેંક એકાઉન્ટમાં ૨.૩ લાખ કરોડની ડિપોઝીટનું બેલેન્સ છે તે દેશની વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ફાઈનાન્સિયલ ઈક્લુઝનની દિશામાં મોટી સફળતા છે તેમ તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ મોદી સરકાર ૩.૦માં ભારતને વિશ્વની ત્રીજી મોટી આર્થિક સત્તા બનાવવાનો જે સંકલ્પ કર્યો છે તે પણ આવનારા ચારજ વર્ષમાં સાકાર થઈ જશે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત આજે વિકાસના રાજમાર્ગ પર પૂરપાટ વેગે દોડી રહ્યું છે અને છેલ્લા દાયકામાં તેમના નેતૃત્વમાં ભારત સ્થિરતા અને સાતત્યનો પર્યાય બન્યું છે તેની વિગતો પણ ગૃહના નેતા તરીકે તેમણે સભ્યો સમક્ષ મૂકી હતી. મુખ્યમંત્રીશ્રીએ સેમિકન્ડક્ટર, એ.આઈ., ફિનટેક, ગ્રીન એનર્જી, ઓટોમેન્યુફેક્ચરીંગ, ઈલેક્ટ્રોનિક્સ વગેરે જેવા ઊભરતા ક્ષેત્રોમાં પણ ભારત વિશ્વમાં અગ્રેસર બનવા તરફ આગળ વધી રહ્યું છે તેનો પણ ઉલ્લેખ આ સંકલ્પમાં કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સોલાર, વિન્ડ અને ગ્રીન હાઈડ્રોજન સહિતના વૈકલ્પિક ઊર્જાના સ્રોતના વિકાસને પ્રોત્સાહન આપીને પર્યાવરણની જાળવણી માટે ગ્રીન ગ્રોથ અને ગ્રીન એનર્જીની દિશા વડાપ્રધાનશ્રીએ આપણને દર્શાવી છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના વિઝનથી શરૂ થયેલી પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજનાની સફળતા અંગે ગૃહને જણાવતા ઉમેર્યું કે, આ યોજનાથી દેશના સામાન્ય માનવીના ઘર પર પણ સોલાર રૂફટોપથી વીજળી ઉત્પન્ન કરવામાં સફળતા મળી છે. હવે દેશનો સામાન્ય નાગરિક પોતાના ઘરે સૂર્ય ઊર્જા ઉત્પાદનથી પોતાનું વીજ બિલ ઝીરો કરી શકે છે, ઉપરાંત વધારાની વીજળી ગ્રીડમાં આપીને આવક પણ ઊભી કરી શકે છે. મુખ્યમંત્રીશ્રીએ શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમર્પણ ભાવનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ પાછલા દાયકામાં મજબૂત રાષ્ટ્ર નિર્માણનો પાયો નાખ્યો છે અને હવે દેશની આઝાદીની શતાબ્દી સુધીમાં 'સ્વર્ણિમ ભારત' બનાવવા માટે પંચ પ્રણ આપ્યા છે. વિકસિત ભારતનું નિર્માણ, ગુલામીની દરેક માનસિકતામાંથી મુક્તિ, દેશની વિરાસત પર ગર્વ, એકતા અને અખંડિતતા અને નાગરિક કર્તવ્ય ભાવના – આ પંચ પ્રણ શક્તિથી શ્રી નરેન્દ્રભાઈના ઐતિહાસિક સતત ત્રીજા કાર્યકાળમાં દેશ વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે તેવો દ્રઢ વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આવી અનેક સિદ્ધિઓ સાથે ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીને સતત ત્રીજીવાર દેશને અડગ નેતૃત્વ પૂરું પાડવા બદલ વિધાનસભા ગૃહમાં અભિનંદન સંકલ્પના માધ્યમથી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ચર્ચામાં સહભાગી થતા જણાવ્યું હતું કે, ભારતીય જનમાનસમાં આત્મશ્રદ્ધા જગાડવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. તેમના નેતૃત્વમાં ડેમોગ્રાફી, ડેમોક્રેસી અને ડાઈવર્સિટીની ત્રિપુટી ભારતનાં દરેક સ્વપ્નને સાકાર કરવાની ક્ષમતા ધરાવે છે. ચંદ્રયાન અને ગગનયાન દ્વારા ભારતે અવકાશમાં તિરંગો લહેરાવ્યો છે. પરિવર્તન માટે પરિવહન મહત્વનું માધ્યમ છે, તેમ જણાવી વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં બુલેટ ટ્રેન, વંદે ભારત ટ્રેન જેવા અનેક નૂતન પ્રકલ્પોથી ભારતે સંકલ્પથી સિદ્ધિના શિખરો સર કર્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ સંકલ્પને સમર્થન આપતા સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, જન-જનની આકાંક્ષાઓને પૂર્ણ કરવી અને નેશન ફર્સ્ટની ભાવના ધરાવતા વડાપ્રધાનશ્રીએ છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન સાચા અર્થમાં "સૌના સાથ, સૌના વિકાસ"ના મંત્રને ચરિતાર્થ કર્યો છે. વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિથી ગત ૧૦ વર્ષમાં ૨૫ કરોડ ગરીબ પરિવારો ગરીબીમુક્ત થયા છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી દેશભરમાં અમલમાં મૂકાયેલી પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અને પ્રધાનમંત્રી સ્વનિધી યોજના અંગે તેમણે ઉમેર્યું હતું કે, દેશના કારીગરો અને ફેરિયાઓના આર્થિક ઉત્કર્ષ સાથે જોડાયેલી આવી યોજનાઓથી વડાપ્રધાનશ્રીએ 'હર હાથ કો કામ, હર કામ કો સન્માન'ના મંત્રને સાકાર કર્યો છે. આ ઉપરાંત ધારાસભ્ય સર્વ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી નરેશભાઈ પટેલ, શ્રીમતી નિમિષાબેન સુથાર, શ્રીમતી મનીષાબેન વકીલ, શ્રી અનિરુદ્ધભાઈ દવે, શ્રી કેશાજી ચૌહાણ અને શ્રી ઉદયભાઈ કાનગડે પણ પોતાના વિચારો રજૂ કરી, મુખ્યમંત્રીશ્રીના સરકારી સંકલ્પને સમર્થન જાહેર કર્યું હતું.

:: મુખ્યમંત્રીશ્રી ::

★ આઝાદી પછી જન્મેલા ભારતના પ્રથમ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક દશકના સફળ અને નિર્ણાયક નેતૃત્વથી વિશ્વભરમાં ભારતની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે

★ વડાપ્રધાનશ્રીના ૧૦ વર્ષના સુશાસનના ટ્રેક રેકોર્ડમાં બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના કેપિટલ એક્સપેન્ડીચરની વાર્ષિક ૧૮ ટકાના દરે વૃદ્ધિ

★ દેશની આઝાદીની શતાબ્દી સુધીમાં સ્વર્ણિમ ભારત બનાવવા માટે પંચ પ્રણશક્તિથી વિકાસની નવી ઊંચાઈ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈનું નેતૃત્વ સર કરાવશે

કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલયે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહયોગથી અમદાવાદમાં ઈન્ડસ્ટ્રી મીટનું આયોજન કર્યું હતું

રસાયણ અને પેટ્રોરસાયણ ક્ષેત્ર પ્રાથમિકતાનું ક્ષેત્ર છે, અવરોધોને ઘટાડવા, અનુપાલનના ભારણને હળવું કરવા અને રોકાણને અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે કેટલીક પહેલો હાથ ધરવામાં આવી છેઃ શ્રીમતી અનુપ્રિયા પટેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર રાજ્યમંત્રી

નવા રોકાણો આકર્ષવા અને ટકાઉ પ્રથાઓ સાથે સુસંગત નવીનતાઓનું પ્રદર્શન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે : ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

કમલમ્ ન્યુઝ,

ઈન્ડિયો ચેમ ૨૦૨૪ દરમિયાન, ૧૩માં દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને કોન્ફરન્સ ઓન કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ, કેન્દ્રીયરસાયણ અને ખાતર મંત્રાલયે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી) ના સહયોગથી ગઈકાલે અમદાવાદમાં એક ઉદ્યોગ સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રીશ્રીમતી અનુપ્રિયા પટેલે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને ભારતનાં ૫ ટ્રિલિયન ડોલરનાં અર્થતંત્રનાં વિઝનને સાકાર કરવામાં રસાયણ ઉદ્યોગનાં મહત્વપૂર્ણ મહત્વ પર ભાર મૂક્યો હતો. શ્રીમતી અનુપ્રિયા પટેલે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર રસાયણ અને પેટ્રોરસાયણ ક્ષેત્રને પ્રાથમિકતા આપતું ક્ષેત્ર માને છે તથા અવરોધો ઘટાડવા, અનુપાલનનું ભારણ હળવું કરવા અને રોકાણને અનુકૂળ વાતાવરણ ઊભું કરવા અનેક પહેલો હાથ ધરી છે. આ ક્ષેત્રમાં ગુજરાતની મુખ્ય ભૂમિકાની પ્રશંસા કરતા તેમણે ઉમેર્યું હતું કે, "ભારતના ઔદ્યોગિક પરિદ્રશ્યમાં ગુજરાત મોખરે છે, ખાસ કરીને રસાયણો અને પેટ્રોરસાયણ ક્ષેત્રોમાં ભારતના પેટ્રોરસાયણ ઉત્પાદનમાં ૬૨ ટકા, રાસાયણિક ઉત્પાદનમાં ૫૩ ટકા અને ફાર્મા ઉત્પાદનમાં ૪૫ ટકા હિસ્સો ધરાવે છે." આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાતના ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે ભારતના ઔદ્યોગિક વિકાસને વેગ આપવામાં રાજ્યની વ્યૂહાત્મક ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યુ હતું કે, રાષ્ટ્રીય જીડીપીમાં રાજ્યનો હિસ્સો ૮.૪ ટકા અને એકંદરે ઉત્પાદનમાં ૧૮ ટકા હિસ્સો છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારતની કુલ નિકાસમાં રાજ્યનો હિસ્સો પણ ૩૩ ટકા છે. આઈન્ડસ્ટ્રી મીટ ગુજરાતને વૈશ્વિક હબ તરીકે પ્રમોટ કરવા, નવા રોકાણો આકર્ષવા અને ટકાઉ પ્રથાઓ સાથે સુસંગત નવીનતાઓનું પ્રદર્શન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે ઉદ્યોગના નેતાઓ, નીતિ નિર્માતાઓ અને અન્ય મુખ્ય હિસ્સેદારો માટે ક્ષેત્રના ભાવિ વિશે ચર્ચા કરવા અને સહયોગી તકો શોધવા માટે એક મંચ તરીકે પણ કામ કરે છે. આ ઔદ્યોગિક બેઠકમાં ભારત સરકારના રસાયણ અને પેટ્રોરસાયણ વિભાગના સચિવ શ્રીમતી નિવેદિતા શુક્લા વર્મા સહિત મુખ્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત પીસીપીઆઈઆર રોલ મોડેલ છે. તેમણે સહભાગીઓને માહિતી આપી હતી કે, દેશમાં રસાયણોની સસ્તી કે નબળી ગુણવત્તાની આયાતને મર્યાદિત કરવા માટે સરકાર સ્થાનિક ઉદ્યોગને અયોગ્ય વેપાર પદ્ધતિઓથી બચાવવા માટે ડ્યુટી રેશનલાઈઝેશન અને નોન-ટેરિફ પગલાં લેવા જેવા વિવિધ પગલાં લઈ રહી છે. ૨૦ઓગસ્ટના રોજ અમદાવાદમાં યોજાયેલી ઈન્ડસ્ટ્રી મીટ ભારતમાં ગતિ વધારવાના હેતુથી ૧૭-૧૯ ઓક્ટોબરના રોજ મુંબઈમાં યોજાનારી શ્રેણીબદ્ધ ઘટનાઓનો એક ભાગ હતી. મુખ્ય કાર્યક્રમમાં વૈશ્વિક રસાયણ અને પેટ્રોરસાયણ ક્ષેત્રોમાં અત્યાધુનિક ટેકનોલોજી, નવીનતાઓ પ્રદર્શિત કરવામાં આવશે. આ ઈવેન્ટ નીતિગત મુદ્દાઓ, નિયમનકારી માળખા અને ટકાઉ વ્યવહારો કે જે ઉદ્યોગના ભવિષ્ય માટે મહત્ત્વપૂર્ણ છે તેની ચર્ચા કરવા માટે એક મંચ પણ પ્રદાન કરશે. આ બેઠકમાં ભારત સરકારના રસાયણ અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સંયુક્ત સચિવ શ્રી દીપાંકર અરોન, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્રસચિવ સુશ્રી મમતા વર્મા, ફિક્કીની નેશનલ કેમિકલ કમિટીના ચેરમેન શ્રી દીપક સી. મહેતા અને ફિક્કી ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન શ્રી રાજીવ ગાંધી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આર્થિક રીતે નબળા વર્ગોના લોકોને "હાઉસિંગ ફોર ઓલ" હેઠળ આવાસો આપવા સરકારનો નિર્ધાર : મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૫૫,૫૭૫ આવાસો પૂર્ણ કરાયા : રૂ.૧,૯૫૨ કરોડની રાજ્ય સરકારની સહાય



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫ વર્ષમાં સમગ્ર દેશમાં નવા ૩ કરોડ આવાસો બનાવવાનો નિર્ધાર કર્યો છે

કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભા ખાતે ટૂંકી મુદતના પ્રશ્નમાં રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી અંગેની સ્થિતિના પ્રત્યુતરમાં શહેરી વિકાસ વિભાગ વતી મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ,વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ આર્થિકરીતે નબળાવર્ગોના લોકોને આવાસની સુવિધા મળી રહે એ માટે હાઉસિંગ ફોર ઓલનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ છેલ્લા બે વર્ષમાં ૫૫,૫૭૫ આવાસો પ્રધાનમંત્રી આવાસ શહેરીયોજના હેઠળ પૂર્ણ કરાયા છે. જેમાં રૂપિયા ૧,૯૫૨ કરોડની સહાય રાજ્ય સરકારે ચૂકવી છે. મંત્રી શ્રી ઉમેર્યું કે, આર્થિકરીતે નબળાવર્ગોના લોકોને આવાસ સુવિધા પૂરી પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના કાર્યરત છે. જેમાં લાભાર્થીઓની વાર્ષિક આવક રૂપિયા ૩ લાખથી ઓછી હોવી જોઈએ જેમાં શહેરી વિસ્તારમાં આવાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧.૫૦ લાખ અને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨ લાખ મળી કુલ રૂ. ૩.૫૦ લાખની સહાય ત્રણ તબક્કામાં ડી.બી.ટીના માધ્યમથી સીધા લાભાર્થીઓ ના ખાતામાં જમા કરવામાં આવે છે. તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં ૯.૭૮ લાખ જેટલા આવાસો મંજૂર કર્યા છે તે પૈકી ૮.૬૩ લાખ આવાસો પૂર્ણ કર્યા છે જેમાં ક્રેડિટ લિંક સબસીડી ઘટક હેઠળ ૬.૧૩ લાખ કરતાં વધુ લાભાર્થીઓને પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ આપ્યો છે. જે માટે ગુજરાત અગ્રેસર રહ્યું છે અને ગુજરાતને આ માટે ૧૪ એવોર્ડ પણ મળ્યા છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં અત્યાર સુધી બી.એલ.સી ઘટક હેઠળ ૧,૫૬,૯૭૮ આવાસોમંજૂર કર્યા છે. તે પૈકી ૧,૨૦,૫૯૪ આવાસો પૂર્ણ થયા છે અને ૩૬,૩૮૪ આવાસો પ્રગતિ હેઠળ છે. આ માટે કેન્દ્ર સરકારના રૂ. ૧,૯૩૮ કરોડ અને રાજ્ય સરકારના રૂ.૨,૬૫૬ કરોડ મળી કુલ રૂ. ૪,૫૯૫ કરોડની સહાય લાભાર્થીઓને પૂરી પાડવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આવનાર ૫ વર્ષમાં સમગ્ર દેશમાં નવા ૩ કરોડ આવાસો બનાવવાનો નિર્ધાર કર્યો છે જેના ભાગરૂપે ગુજરાતમાં પણ મળવાપાત્ર મહત્તમ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતું.

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વિદેશમાં રહી એકપણ શિક્ષક પગાર નથી મેળવતાં: શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર

છેલ્લાં ત્રણ વર્ષમાં બિન અધિકૃત ગેરહાજર અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર રહેલા ૧૩૪ શિક્ષકોને ફરજમાંથી બરતરફ કરાયાઃ મંત્રી શ્રી ડિંડોર

કમલમ્ ન્યુઝ,

વિધાનસભાસત્ર દરમિયાન ધારાસભ્ય શ્રી દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છેલ્લાં છ માસમાં કેટલાં શિક્ષકો વિદેશમાં રહીને પગાર મેળવે છે તે અંગે પૂછાયેલા ટૂંકી મુદતના પ્રશ્નના જવાબમાં શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં કુલ ૧૨ શિક્ષકો તથા પાટણમાં ૭ શિક્ષકો છે જેમાંથી કોઈપણ શિક્ષક પગાર મેળવતાં નથી. બનાસકાંઠા જિલ્લાના ૧૨ ગેરહાજર શિક્ષકો પૈકી છ શિક્ષકો સામે નિયમ અનુસાર કાર્યવાહી કરી ફરજ પરથી બરતરફ કરવામાં આવ્યા છે. બે શિક્ષકો દ્વારા રાજીનામાં મંજૂરી અર્થે રજૂ થતા રાજીનામું મંજૂર કરવામાં આવ્યાં છે બાકીના ચાર શિક્ષકો સામે નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાટણના બન્ને શિક્ષકો ર્દીઝ મેળવીને વિદેશ ગયાં હોવાથી કોઈ કાર્યવાહી કરી નથી. આ અંગે પૂછાયેલા પેટા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન વિદ્યા સમીક્ષા કેંદ્ર દ્વારા મળતી ઓનલાઈન હાજરીની વિગતો પરથી બિન અધિકૃત ગેરહાજર શિક્ષકો માહિતીનું એનાલીસીસ કરી તેમના વિરુદ્ધ નિયમાનુસારની કાર્યવાહી કરાઈ છે. જેમાંથી બિન અધિકૃત ગેરહાજર અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર રહેલા ૧૩૪ શિક્ષકોને ફરજમાંથી બરતરફ કરવામાં આવ્યાં છે. મંત્રીશ્રી ડીંડોરે ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષે સમગ્ર રાજ્યના જિલ્લા તથા નગર શિક્ષણ સમિતિમાં વર્ષ ૨૦૨૩-૨૪ થી વર્ષ ૨૦૨૪-૨૫માં ત્રણ માસ કે તેથી વધુ સમયથી ગેરહાજર હોય તેવા ૭૦ શિક્ષકો અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર હોય તેવા ૬૦ શિક્ષકો એમ કુલ ૧૩૦ શિક્ષકોની સામે કાર્યવાહી કરતાં ચાર જિલ્લા અને એક નગર શિક્ષણ સમિતિમાંથી કુલ ૧૦ શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યાં છે અને બાકી રહેલા શિક્ષકો સામે નિયમાનુસાર બરતરફ કરાશે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી એક અઠવાડિયાથી સતત ગેરહાજર રહેતા શિક્ષકોની વિગતો ઓનલાઈન હાજરીના ડેટાના આધારે મેળવી તેઓની સામે સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા ચકાસણીની કાર્યવાહી હાલ ચાલુમાં છે. જેનો અહેવાલ મેળવી દોષિત જણાશે તો તેઓની સામે પણ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી એક અઠવાડિયાથી સતત ગેરહાજર રહેતા શિક્ષકોની વિગતો ઓનલાઇન હાજરીના ડેટાના આધારે મેળવી તેઓની સામે સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા ચકાસણીની કાર્યવાહી હાલ ચાલુમાં છે.:શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોર

તંત્રી સ્થાનેથી......

કચ્છમાં પ્રાકૃતિક ખેતીના વધતા જતા વ્યાપ વચ્ચે અંજારના નવાગામના વિજયભાઇ પેથાભાઇ સથવારા વર્ષ ૨૦૧૮થી પ્રાકૃતિક ખેતીસાથે જોડાયેલાછે. તેઓપ્રાકૃતિક ખેતીમાંઘઉં, ડુંગળી, ધાણા વગેરે પાકોનું વાવેતર કરે છે. વિજય ભાઇ પ્રકૃતિકખેતી અંગેજણાવેછે કે, ચાર ગાયના પાલન સાથે વર્ષ ૨૦૧૮થીપ્રાકૃતિક કૃષિ કરું છું. હું જીવામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્રઅને ઘનજીવામૃતબનાવુછું હું આચ્છાદનઅને મિક્સ પાકો પણ વાવેતર કરું છું. આત્મા યોજના સાથેજોડાયેલ હોવાથી ભુજ તથા શંખેશ્વર ખાતે યોજાયેલી પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી હતી. ખેતીવાડી, આત્માના અધિકારીશ્રીઓની મદદથી હું પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. રાસાયણિક ખેતીના નુકશાન જણાવતાતેઓ ઉમેરે છે કે, રાસાયણિક ખેતીમાં દવાઅને ખાતરનોખર્ચો વધીજાય છે. નિંદણ પણ વધારે ઊગીનીકળે છેમજુરી ખર્ચવધુ થાય છે. જમીનનું બંધારણ બગડે છે ઉપરાંત પાકની ગુણવત્તા સારી હોતી નથી. પાણીની ગુણવતા બગડે છે તથા જમીનમાંક્ષારનું પ્રમાણ વધે છે. રાસાયણિક ખેતીમાંપાકને વધુ પિયતની જરૂર પડે છે.વધુમાં પ્રાકૃતિક ખેતી કરનાર વિજય ભાઇ જણાવે છે કે, જયારેપ્રાકૃતિક ખેતીમાં કોઈપણ નુકશાન નથી, પ્રકૃતિ, ખેડૂત તથા નાગરિકોને ફાયદા જ ફાયદા છે. પ્રાકૃતિક કૃષિમાં ગુણવત્તાયુક્ત પ્રાકૃતિક પેદાશના સારા ભાવ મળે છે. જમીન ફળદ્રુપ અને બંધારણ સુધરે છે. આર્થિક રીતે સધ્ધર થવાય છે. જીવામૃતનો ઉપયોગ કરવાથી મારી જમીનમાં સૂક્ષ્મજીવો અને પોષકતત્વોનું પ્રમાણ વધ્યું છે. જમીનની ફળદ્રુપતામાં વધારો થવાથી ઉત્પાદનમાંવધારો થયો છે. ખેતરમાં રહેલા સૂકાપાંદડાં, ડાળીઓવગેરેનું આચ્છાદાન કરવાથી જમીનનીભેજ ધારણ શક્તિમાંવધારો થયોછે. વધુમાંનીંદણનું નિયંત્રણ થઈ જાય છે. જમીનમાં અળસિયા વધતા જમીન વધુ ફળદ્રુપબને છે. છીદ્રો વધીજતાં વરસાદનું પાણી જમા થતું નથીજમીનમાં ઉતરી જાય છે.

અત્યાર સુધીમાં ૨૨ લાખ નવા ખાતાની સાથે સાથે રૂ. ૬,૫૦૦ કરોડની માતબર ડિપોઝિટ પણ જમા થઈ:-સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા

દરેક ગામમાં માઈક્રો ATMના લક્ષ્યાંક સાથે ૭,૮૦૦ થી વધુ માઈક્રો ATM કાર્યરત

કમલમ્ ન્યુઝ,

ગુજરાત સહિત દેશભરમાં સહકારિતા માળખાને વધુને વધુ મજબૂત બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં દેશમાં પ્રથમ વખત સહકારીતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. 'કો-ઓપરેશન અમોન્ગ કો-ઓપરેટીવસ'ના લક્ષ્યાંક સાથે રાજયની તમામ સહકારી મંડળીઓ, પશુપાલકો અને દૂધ મંડળીઓના ખાતા જિલ્લાની સહકારી બેંકમાં ખોલાવવા અને તેમાં જ તમામ વ્યવહાર કરવા કેન્દ્રીયસહકારીતા મંત્રીશ્રી અમિત શાહે દેશવ્યાપી અનુરોધ કર્યો છે. જેના ભાગરૂપે ગુજરાતમાં અત્યાર સુધીમાંસૌથી વધુ અંદાજે ૨૨ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે. આ ખાતાઓમાં રૂ. ૬,૫૦૦ કરોડની માતબરરકમની ડિપોઝિટ પણ જમા થઈછે તેમ વિધાનસભા ગૃહમાં પૂછાયેલા ટૂંકી મુદતના પ્રશ્નનો જવાબ આપતાં સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યુંહતું. મંત્રી શ્રી વિશ્વકર્માએ ડીસાના ધારાસભ્યશ્રી પ્રવિણ માળીના પ્રશ્નનો પ્રત્યુતર આપતા કહ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેકટ અંતર્ગત સહકારી મંડળીઓના ખાતા જિલ્લા સહકારી બેંકમાં ખોલવવા માટે સમજૂતી કરવામાંઆવી હતી. જે હેઠળ એપ્રિલ ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ સુધીમાંબનાસકાંઠામાં કુલ ૬૧૬ દૂધ મંડળીઓના નવા ખાતા જિલ્લા મધ્યસ્થ સરકારી બેંકમાં ખોલવામાંઆવ્યા છે. આ પાયલોટ પ્રોજેકટમાં સૌ પ્રથમ બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. આ જિલ્લાઓમાંએક વર્ષમાંઅંદાજે ૪ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે જેમાં ૧,૨૦૦ કરોડ ડિપોઝિટ જમા થઈછે. મંત્રીશ્રી વિશ્વકર્માએ પૂરક પ્રશ્નોનો જવાબ આપતાં ગૃહમાં કહ્યું હતું કે, જિલ્લાના છેવાડાના તમામ ગામોમાં બેંકિંગ સુવિધા મળી રહે તેવા ઉમદા હેતુ સાથે ગામેગામ 'બેંકમિત્ર' બનાવી તેમના માધ્યમથી 'માઈક્રો છ્સ' આપવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. ગામના સભાસદોને જ્યારે પણમાઈક્રોછ્સ્દ્વારા પૈસાની લેવડ-દેવડ કરવી હશે ત્યારે 'બેંક મિત્ર' તેમનાઘરે જઈનેતેમને મદદ કરશે. આ 'માઈક્રોછ્સ'અને 'બેંક મિત્ર'ની સેવા ઉપલબ્ધ થવાથી ગામના લોકોને નાણાકીય વ્યવહાર માટે જિલ્લા-તાલુકામથકેજવું નહીં પડે. આ સાથે જિલ્લામાં સહકારી ક્ષેત્રે ી-બેંકિંગનું સૌથી વધુ કામ ગુજરાતમાં પંચમહાલમાં થઈ રહ્યું છે. ગુજરાતના તમામ તાલુકા અને જિલ્લામાં માઈક્રો એટીએમની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. જેના ભાગરૂપે હાલ રાજયમાં ૭,૮૦૦જેટલા માઈક્રોછ્સ કાર્યરત છે તેમ, મંત્રી શ્રી વિશ્વકર્માએ વિગતો આપતાં ગૃહમાં ઉમેર્યું હતું.

ભીલાડની સરકારી વિજ્ઞાાન કોલેજમાં સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ

વિદ્યાર્થીઓમાં નૃત્યકલા અને નાટ્યકલામાટેની રસપ્રિયતા અને પ્રતિભા વિકસાવવા તેમજ સર્જનાત્મક રીતે પોતાની જાતને અભિવ્યક્ત કરવાની તક પૂરી પાડવાના શુભ આશય સાથે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભીલાડ ખાતે આવેલી સરકારી વિજ્ઞાન કોલેજમાં સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત ગીત-સંગીત-નૃત્ય ધારા હેઠળ નૃત્ય, નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. દિપક ડી. ધોબીની અધ્યક્ષતામાં પ્રા. યોગેશ હળપતિ અને પ્રા. ડૉ. આનંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને આચાર્યશ્રીએ પ્રેરણાદાયીસંબોધન કર્યુંહતું. નૃત્ય પ્રદર્શનના ભાગરૂપે ૯ વિવિધ નૃત્ય અભિનયોની રજૂઆતો કરવામાં આવી હતી જેમાં શાસ્ત્રીય, બોલીવૂડ, અને આધુનિક નૃત્યોનો સમાવેશ થાય છે. નાટક પ્રદર્શનના ભાગમાં તારક મહેતા કા ઉલટા ચશ્મા સિરિયલ પરથી પ્રેરિત બે ભીખારીઓ વચ્ચેમજેદાર વાર્તાલાપ પર આધારિતનાટક રજૂ કરાયુ હતું, જે કોલેજના વિદ્યાર્થીઓ માટે હાસ્ય અને મનોરંજનથી ભરપૂર બન્યું હતું.

કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને ખૂબ જ ઉષ્માભર્યો પ્રતિસાદ મળ્યો હતો. વિદ્યાર્થીઓની મહેનત, સમર્પણ અને સર્જનાત્મકતાની પ્રશંસા કરવામાંઆવી હતી.

યુવાઓમાં નશાની પ્રવૃતિ રોકવા, દુકાનોમાં સોલ્યુશન કે અન્ય પ્રકારની નશીલા બિન પ્રતિબંધિત પદાર્થ/ચીજવસ્તુઓ નહીં વેચવા ડાંગ જિલ્લા પોલીસે દુકાનદારોને ચેતવ્યા

કમલમ્ન્યુઝ,મનિષબાગુલ

તાજેતરમાં સુરત રેન્જ આઈ.જી.પી. શ્રી પ્રેમવીર સિંહના અધ્યક્ષ સ્થાને આહવા ખાતે લોક સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આહવા ટાઉન વિસ્તારમાંસગીરો દ્વારા ટાયર પંચર માટે વપરાતા લેવાતા સોલ્યુશનનો ઉપયોગ કરી, કેટલાક અણસમજુ યુવાનો નશાની પ્રવૃતિ કરતા હોવાની બાબત સામે આવી હતી. જેના અનુસંધાને ડાંગ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાની સુચના મુજબ, પોલીસનીખાસટુકડી એસ.ઓ.જી. દ્વારા, આહવા વિસ્તારની તમામ હાર્ડવેરની દુકાનો, તથા સોલ્યુશન વેચનાર તથા વાપરનાર પંકચરની દુકાનોમાં, આવુ સોલ્યુશન તેમજ અન્ય પદાર્થ અંગે ઘનિસ્ઠ ચેકિંગ હાથધરાયું હતુ.એસ.ઓ.જી. દ્વારા દુકાનદારોને સગીર વયના કિશોરો, યુવક/યુવતિઓને આવા સોલ્યુશન કે અન્ય પ્રકારની નશીલી બિન પ્રતિબંધિત પદાર્થ/ ચીજવસ્તુઓ નહીંઆપવા, જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. તેમજ જ્યારે આવી ચીજવસ્તુઓનું અન્ય વ્યકિતઓનેવેચાણ કરવામાં આવે, ત્યારે તેઅંગેની યોગ્ય નોંધ વેચાણ રજીસ્ટરમાં કરવા ખાસ સુચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ આહવા ખાતે યોજાયેલી જિલ્લા ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠકમાં પણ, સમિતિ સભ્ય એવા સામાજિક કાર્યકર શ્રીસ્નેહલ ઠાકરે દ્વારા, આ બાબતે કલેકટરશ્રી સમક્ષ અપીલ કરી, યુવાનોમાંવ્યાપ્ત નશા ની આલત સામે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. તે વેળા પણ ઈન્ચાર્જ કલેકટર શ્રી બી.બી.ચૌધરીએ આ બાબતે, સૌને સામુહિક પ્રયાસો કરી, યુવાનોને આ બાબતે વિશેષ જાગૃત કરવાની તાકીદ કરી હતી.

ગાબાણી કોલેજમાં "બુક રીવ્યુ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમસભા સંચાલિત શ્રી જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટ, વરાછામાં તારીખ ૨૧/૦૮/૨૦૨૪ના રોજ ગાબાણી કોલેજમાં વિદ્યાર્થીઓમાં વ્યક્તિત્વનો વિકાસ થાય એ ઉદ્દેશથી કોલેજ દ્વારા "બુક રીવ્યુ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાંઆસરે ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લિધેલ હતો. જેમા પ્રથમ ક્રમે ગોળકીયા ધ્રુવિલ (ટી.વાય. બીબીએ), દ્વિતીય ક્રમે વરસડીયા આરતી (ટી.વાય. બીબીએ) તેમજ સરધારા પ્રગતિ (એફ.વાય.બીબીએ) અને તૃતીય ક્રમે જાદવ ધ્રુવીશા (એસ.વાય.બીબીએ) વિજેતા જાહેર થયાં હતાં. "બુક રીવ્યુ" સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતિ. કોમલબેન સાવલીયા તથા શ્રી. પરાગભાઈ પાનસુરીયા એ સેવા આપી હતી. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે કોલેજના લાઈબ્રેરિયન ડૉ. ભાવનાબેન તેરૈયા, પ્રો. ડૉ. શૈલેષભાઈ લીબાડ અને પ્રો. રાજદીપભાઈ અકબરીએ મહત્વનો ફાળો આપેલ હતો. કોલેજના ઈ.પ્રિ. ડૉ. ગોવિંદભાઈ ધિનૈયા તેમજ સમગ્ર કોલેજ પરિવાર ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ અને વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.

ગુજરાતમાં ૨૦૨૩-૨૪માં ૩૯,૭૩,૦૦૦ મેટ્રિક ટન નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન થયું

લીમડો લાવ્યો હજારો મહિલાઓની જીવનમાં મીઠાશ, લીંબોળી એકત્રિત કરીને વાર્ષિક ?૬૦,૦૦૦ સુધીની કમાણી કરી રહી છે

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર,

ઔદ્યોગિક કે બિન-કૃષિ પ્રવૃત્તિઓમાં યુરિયાનો ઉપયોગ અટકાવવા અને ખેડૂતોને પૂરતી માત્રામાં યુરિયા ઉપલબ્ધ કરાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ યુરિયાને ફરજિયાત નીમ કોટેડ બનાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. એ પહેલાં સ્થિતિ એવી હતી કે, યુરિયાના ઔદ્યોગિક ઉપયોગને લીધે ખેડૂતોને સીઝન દરમ્યાન યુરિયા ખાતર માટે ભારે સંઘર્ષ કરવો પડતો હતો. તો યુરિયાની કાળાબજારી પણ એક મોટી સમસ્યા બની ગઈ હતી. યુરિયાપર નીમ કોટિંગ ફરજિયાત કરવાના વડાપ્રધાનશ્રીના નિર્ણયથી ખેડૂતોને આજે મોટી રાહત મળી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વહેઠળ ગુજરાતમાંપણ નીમ કોટેડ યુરિયાના ઉત્પાદન અને વપરાશપર ભાર મૂકવામાં આવ્યો છે. નીમ કોટેડ યુરિયાના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૪% છે.

દેશના કુલ નીમ કોટેડ યુરિયાના ઉત્પાદનમાં ગુજરાતનો ૧૪% ફાળો

દેશના કુલ નીમ કોટેડ યુરિયાના ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૧૪%

ગુજરાત નીમ કોટેડ યુરિયાના ઉત્પાદન બાબતે દેશનું એક અગ્રણી રાજ્ય છે. ભારતના કુલ નીમ કોટેડ યુરિયાના ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૧૪% છે, જ્યારે વપરાશની દ્રષ્ટિએ ગુજરાતનો હિસ્સો ૯% છે. રાજ્યમાં નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC) ભરૂચ ખાતેના પ્લાન્ટમાં થાય છે. આ ઉપરાંત, GSFC, IFFCO અને KRIBHCO પણ નીમકોટેડ યુરિયાનું ઉત્પાદન કરે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૭,૭૬,૦૦૦ મેટ્રિક ટન નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન થયું હતું, જેની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં ૩૮,૯૨,૦૦૦મેટ્રિક ટન અને ૨૦૨૩-૨૪માં ૩૯,૭૩,૦૦૦ મેટ્રિક ટન નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન થયું હતું. નીમ કોટેડ યુરિયાના ફાયદાઓને જોતાંતેની માંગસતત વધીરહી છે.

વાર્ષિક ૬૦,૦૦૦ સુધીની કમાણી કરી રહી છે મહિલાઓ

પહેલાં લીમડાના બીજ એટલે કે લીંબોળીઓ બિનઉપયોગી જ રહી જતી હતી. કોઈએ વિચાર્યું જ નહોતું કે જમીન પર નકામી પડેલી આ લીંબોળીઓ હજારો મહિલાઓના જીવનમાં મીઠાશ લાવશે. GNFC એ યુરિયાને નીમ કોટેડ કરવા માટે જરૂરી લીમડાના બીજ એટલે કે લીંબોળીના એકત્રીકરણ માટે એક ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કર્યું છે. તેના અંતર્ગતસખી મંડળો અને સહકારી મંડળીઓના માધ્યમથી ગ્રામીણ મહિલાઓ અને ઘરવિહોણા શ્રમિકો લીંબોળી એકત્રિત કરે છે. આ કાર્ય માટે રાજ્યમાં ગ્રામીણ સ્તરે ૪૦૦૦ ખરીદકેન્દ્રો (વિલેજ લેવલ કલેક્શન સેન્ટર-VLCC) ની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતમાં પ્રોજેક્ટના પ્રારંભિક તબક્કામાં ૧૫,૦૦૦ મેટ્રિક ટન લીંબોળી એકત્રિત કરવામાં આવતી હતી, આજે આ આંકડો વધીને લગભગ ૫૦,૦૦૦ મેટ્રિક ટન સુધી પહોંચી ગયો છે. દર વર્ષે સીઝનના ત્રણ મહિના દરમ્યાન દરેક મહિલા લગભગ ૬૦,૦૦૦ ની કમાણી કરી લે છે. આ રીતે લીંબોળી એકત્રીકરણ દ્વારા આત્મનિર્ભરબનીરહેલીમહિલાઓના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું છે. સામાજિકઅને આર્થિક રીતે પછાત મહિલાઓને આ પ્રોજેક્ટથી ઘણો ફાયદો થયો છે. લીંબોળી એકત્રીકરણના કામથી માત્ર તેમની આવકમાં જ વધારો નથી થયો, પરંતુ સ્થળાંતર અને મિલકત ગીરવે રાખવા જેવી તેમની સમસ્યાઓમાં પણ ઘટાડો થયો છે.

આવકમાં વધારો, નવા બજારોમાં પ્રવેશ

વડાપ્રધાનશ્રીના વિઝનને સાકારકરીને GNFC એ સફળતાનો નવો અધ્યાય લખ્યો છે. યુરિયાને નીમકોટેડ કરવાથી કંપનીએ પહેલા વર્ષે ૨૦.૬૮ કરોડની વધારાની આવક મેળવી હતી. તો પાછલા ત્રણ વર્ષમાં આ આવકમાં સરેરાશ ૧૯.૪૦ કરોડ પ્રતિ વર્ષનો વધારો નોંધાયો છે. લીંબોળીમાંથી મોટી માત્રામાં તેલ નીકળે છે એટલે તેની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને GNFC એ બજારમાંની મ સાબુ, નીમ હેન્ડ વૉશ, નીમ હેર ઓઈલ અને નીમ જંતુનાશક જેવા ઉત્પાદનોની નવી શ્રેણી રજૂ કરી છે. લીમડાના ઔષધીય ગુણો ધરાવતા સૌંદર્ય પ્રસાધનો અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ આજે શહેરી ગ્રાહકોમાં ખૂબ જ લોકપ્રિય છે.

જમીનનું આરોગ્ય સુધરે છે, પાકની ઉપજમાં વધારો થાય છે

ખેતરોમાં રાસાયણિક ખાતરોનો વધુ પડતો ઉપયોગ કરવાથી જમીનની નીચે નાઈટ્રોજનનું સ્તર બને છે, જેના કારણે પાક જમીનમાં રહેલા પોષક તત્વોને શોષી શકતો નથી. નીમ કોટેડ યુરિયાથી નાઈટ્રોજનનું સ્તર નથી બનતું એટલે જમીનનું આરોગ્ય સારું રહે છે. એટલું જ નહીં, નીમ કોટેડ યુરિયા જમીનમાં રહેલા જંતુઓનો નાશ કરે છે અને જમીનની ફળદ્રુપતા પણ વધારે છે. તેના ઉપયોગથી ખેડૂતોના કૃષિ ખર્ચમાં ઘટાડો થાય છે અને પાકની ઉપજમાં વધારો થાય છે. નીમ કોટેડ યુરિયા બનાવવા માટે સાદા યુરિયા પર લીમડાના તેલથી કોટિંગ કરવામાંઆવે છે.

આર.વી.પટેલ અને વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ કોલેજ, અમરોલીમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો"

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી બી. કોમ.માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ કોલેજ કેમ્પસમાંતા. ૨૧-૦૮-૨૦૨૪નાં રોજ યોજાયો હતો કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પ્રિ. ડૉ. શ્રી. કે. એન. ચાવડા (કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), મુખ્ય મહેમાનશ્રી તરીકે ડૉ. પારુલબેન વડગામા (EC મેમ્બર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), માનંવતા મહેમાનશ્રી તરીકે શ્રી. દિલીપભાઈ પરમાર (આચાર્યશ્રી, 'સધ્યારો' અંગ્રેજી માધ્યમ હાઈસ્કૂલ), ડૉ. રાજેશ રાણા (ઈ. ચા. આચાર્યશ્રી, જે. ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ), પ્રિ.ડૉ.કેયૂરભાઈ શર્મા (એસ.પી.બી.સ્કૂલ), શ્રીમતી અંજનીબેન જાની (આચાર્યશ્રી, વીરમતીબેન ફકીરચંદ શાહ પ્રાયમરી શાળા) જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી કાંતિભાઈ શાહ તેમજ ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને કોમર્સનાં કો-ઓર્ડીનેટર પ્રો. ભરત બસરાની મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઈનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને પ્રિ.ડૉ.શ્રી.કે.એન.ચાવડા તેમજ ડૉ. પારુલબેન વડગામાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તેમજ ૧૪૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, તેમજ ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન કોલેજના અધ્યાપક ગણ વહીવટી સ્ટાફ હાજર રહી કાર્ય કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કોમર્સ કો-ઓર્ડીનેટર પ્રો. ભરત બસરાની, ડૉ. અનિલા પિલ્લાઈ અને પ્રો. જયોતિકા ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા સભાગારને જન્માષ્ટમી થીમ પર ખૂબ સુંદર રીતે તૈયાર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ પ્રો. ભરત બસરાનીએ કરી હતી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સમાપન કરવામાંઆવ્યો હતો.

ભારતીય નૌકાદળે BEML LTD સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા

કમલમ્ ન્યુઝ,

ભારતીય નૌકાદળ અને BEML લિમિટેડ દરિયાઈ સાધનો અને પ્રણાલીઓના સ્વદેશીકરણને આગળ ધપાવવા માટે હાથ મિલાવ્યો. ભારતીય નૌકાદળના મહત્વપૂર્ણ મરીન એન્જિનિયરિંગ સાધનોના સ્વદેશીકરણ તરફની દિશામાં એક મોટું પગલું ભરતા, રક્ષા મંત્રાલય અંતર્ગત 'શેડ્યૂલ છ' કંપની અને ભારતના અગ્રણી સંરક્ષણ અને હેવી એન્જિનિયરિંગ ઉત્પાદકોમાંની એક મેંઈસ્ન લિમિટેડે ૨૦ઑગસ્ટ ૨૪ના રોજ ભારતીય નૌકાદળ સાથે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.

ભારતીય નૌકાદળના રીઅર એડમિરલ કે શ્રીનિવાસ, ACOM(D&R), શ્રી અજીત કુમાર શ્રીવાસ્તવ, સંરક્ષણ નિયામક, BEML વચ્ચે નવી દિલ્હી ખાતેના નેવલ હેડક્વાર્ટર ખાતે આ સમજૂતીકરાર પૂર્ણ થયો હતો. આ પહેલ નિર્ણાયક મરીન એન્જિનિયરિંગ સાધનો અને સિસ્ટમોના સ્વદેશી ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન, પરીક્ષણ અને ઉત્પાદન સપોર્ટ માટે દ્વિપક્ષીય સહકાર વધારવા માટેનું એક મહત્ત્વનું પગલું છે. ભારત સરકારની આત્મનિર્ભર ભારત પહેલ સાથે સંલગ્ન, ભાગીદારીનો હેતુ સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતાને મજબૂત કરવાનો અને વિદેશી OEM પરનિર્ભરતા ઘટાડવાનો છે.

ગીર સોમનાથ જિલ્લામાં ૯૫ ટકા ટી.બી.ના દર્દીઓને 'નિક્ષય મિત્રો'એ દત્તક લીધા

કમલમ્ ન્યુઝ,સોમનાથ
'ટી.બી. મુક્ત ભારત અભિયાન'અંતર્ગત દેશભરમાંથી ક્ષયના દર્દીઓને ઓળખી તેમને પૂરતું પોષણ આપવા સાથે જરૂરી દવાઓ મળેતે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત 'નિક્ષય મિત્ર' (દાતાઓ) દ્વારાટી.બી.ના દર્દીઓને દત્તક લઈ ૬ મહિના સુધી પોષણ માટે રાશનકીટ આપવામાં આવેછે. ગીર સોમનાથ જિલ્લાને ટી.બી.મુક્ત બનાવવામાટે જિલ્લાકલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાઅને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકરના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અભિયાનરૂપે કાર્યકરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેક્ટરશ્રીના સફળ પ્રયાસોને કારણે ક્ષયમુક્ત ભારત અભિયાનમાં ગીર સોમનાથ જિલ્લાને સફળતા મળી છે. જિલ્લામાં ચાલુવર્ષે નોંધાયેલા ૯૫ ટકા ક્ષયના દર્દીઓને 'નિક્ષય મિત્રો' દ્વારા દત્તક લઈને આવા દર્દીઓને ૬ મહિનાસુધીની રાશન કીટ આપવામાં આવી છે. જિલ્લા કલેકટરશ્રીએ પણ પાંચ દર્દીઓને દત્તકલઈને 'નિક્ષય મિત્ર' બનવાનું પૂણ્યકાર્ય કર્યુ છે. આઅંગે જિલ્લા ક્ષય અધિકારી શ્રી શિતલ રામે જણાવ્યું હતુ કે, તા૨૦ ઓગસ્ટના રોજ વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે 'રેયોનજન સેવાટ્રસ્ટ' દ્વારા ૫૫ ટી.બી.ના દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત, તેઓ દર મહિને ૧૫ દર્દીઓને દત્તક લઈ રહ્યાં છે અને હવેથી જેટલા પણ વેરાવળ તાલુકામાં ટી.બી.નાદર્દીઓ નોંધાશે તે તમામ દર્દીઓને 'જન સેવા ટ્રસ્ટ' દ્વારા રાશન કીટ આપવામાં આવનાર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'ક્ષયમુક્ત ભારત અભિયાન' માં ગીર સોમનાથ જિલ્લા કલેકટરશ્રીનાં સહયોગથી આ સફળતા મળી રહી છે. અગાઉના વર્ષોમાં પ્રતિવર્ષ જિલ્લામાં ૧,૨૦૦જેટલા ક્ષયના દર્દીઓ નોંધાતાં હતાં. તેની સામે માત્ર ૩૦ ટકા જ લોકો 'નિક્ષય મિત્ર' બની ટી.બી.ના દર્દીઓને દત્તક લઈરાશન કીટઆપતા હતાં. તેની સામેચાલુ વર્ષઅત્યાર સુધીમાં નોંધાયેલા ૭૭૧ ક્ષયના દર્દીઓ સામે ૭૫૬ ક્ષયના દર્દીઓને 'નિક્ષય મિત્રો' દ્વારા દત્તક લેવામાં આવ્યાં છે. આ રીતે આ વર્ષે જિલ્લામાં ૯૫ ટકા જેટલાં ક્ષયના દર્દીઓને 'નિક્ષય મિત્રો'એ દત્તક લીધાંછે. ઉલ્લેખનીય છે કે, ક્ષયની સારવારમાં સફળતા મેળવવા દવાના ફુલ કોર્સ સાથે પોષણ પણ ચાવીરૂપ પરિબળ છે. જિલ્લા ક્ષય અધિકારીએ જિલ્લાના તમામ સેવાભાવી નાગરિકોને જિલ્લાને ક્ષયમુક્ત બનાવવામાટે યથાશક્તિ યોગદાન માટે આગળ આવવા માટે અનુરોધકર્યોછે.

વલસાડની સરકારી ઈજનેરી કોલેજમાં એન્ટી રેગિંગ અવેરનેસ સેમિનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ
વલસાડની સરકારી ઈજનેરી કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે એન્ટી રેગિંગ અવેરનેસ સેમિનાર યોજાયો હતો. જેમાં પ્રથમ વર્ષ અને ડીટુડીના વિદ્યાર્થીઓમાટે ૧૬૮ વિદ્યાર્થીઓ તેમજ ૧૦ જેટલા અધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં વલસાડ જિલ્લા ડિસ્ટ્રીક્ટ કોર્ટના જિલ્લા ન્યાયિક સર્વિસ ઓથોરીટીના સીનીયર સિવિલ જજશ્રી બી. જી. પોપટ અને ચીફ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ શ્રી બી.જી. પટેલ દ્વારા વિષયાનુરૂપમાર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ ખાસ કાર્યક્રમમાં રસાયણ ઈજનેરી વિભાગના વડા અને ઈ.ચા.પ્રી. ડો.એન એમ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન એન્ટી રેગિંગ સમિતિના સર્વે વિભાગીય સંયોજક પ્રાધ્યાપક ગણ ડો. હેમિશ વૈદ, પ્રો. વિજય વિસાવળીયા, પ્રો. ડી એન ટંડેલ, પ્રો. મોનાલી ચૌધરી, પ્રો. વીડી પટેલ, એપ્લાઈડ સાયન્સએન્ડ હ્યુમીનિટીઝ વિભાગના વડા ડો. રાજેશ માલણ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી ડો. વી. ડી. ધીમને આ સમગ્ર કાર્યક્રમના આયોજન અંગે સૌને પ્રેરિત અને માર્ગદર્શિત કર્યા હતા. કાર્યક્રમના અંતે સંચાલક ડૉ. ભદ્રેશ આરસુદાણીએ આભારવિધિકરી હતી.

વિવિધ સેવાકીય કાર્યો થકી જન્મદિવસની ઉજવણી કરતા ગાંધીનગર ઉત્તર વિધાનસભાનાં ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ

ધારાસભ્યે સિવિલ હોસ્પિટલમાં દાખલ સગર્ભા સ્ત્રીઓ અને બાળકોને તેમજ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના બાળકોને ફ્રૂટ વિતરણ કરી તેમજ મુક બધિર અને અનાથ બાળકો માટે ભોજનની વ્યવસ્થા કરી સ્નેહસભર સમય વિતાવી જન્મદિવસની ઉજવણી કરી

વૃંદાવન ગૌધામ ગાંધીનગર ખાતે જન્મદિન નિમિત્તે સહપરિવાર ગૌ માતાની પૂજા કરી અને ગૌસેવાનો લાભ લીધો

કમલમ્ ન્યુઝ,
દર વર્ષની જેમ આ વખતે પણ ગાંધીનગર ઉત્તર વિધાનસભાનાં ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે વિવિધસેવાકીય કાર્યોથકીજન્મદિવસની ઉજવણીકરી હતી.તેઓએ પરિવાર સાથે વૃંદાવન ગૌધામ ખાતેગૌ માતાની પૂજા અને ગૌસેવા કરીને જન્મદિવસની શરૂઆત કરી હતી. ત્યારબાદ ધારાસભ્યે ઓમ શાંતિ કેન્દ્ર, બ્રહ્માકુમારી સંસ્થા સેકટર ૨૮ ખાતે જઈ પૂજ્ય કૈલાસદીદીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. શ્રીમતી રીટાબેન પટેલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સગર્ભા સ્ત્રીઓ અને બાળકોને તેમજ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સે.૧૯ખાતે ફ્રૂટ વિતરણ કરી સંવાદ કર્યો હતો. તેઓએ સમર્પણ મુકબધિર વિદ્યામંદિર, સેકટર ૨૮ખાતે બાળકો સાથે કેક કાપી ઉજવણી કરી સમય વિતાવી સ્નેહસભર વાર્તાલાપ કર્યો હતો અને બાળકોનાભોજનની વ્યવસ્થાકરી ભોજન પીરસ્યું હતું.તેઓ દ્વારા બાળગૃહ સે.૧૭ ખાતેઅનાથ બાળકોમાટે ભોજનનીવ્યવસ્થા કરવામાં આવીહતી. આતકે શહેર ભાજપા અધ્યક્ષઋચિર ભટ્ટ, મેયર મીરાબેન પટેલ,સંગઠનના પદાધિકારીઓ,નગરસેવકો, અગ્રણીશ્રીઓતેમજ ભાજપા કાર્યકર્તાઓ ઉપસ્થિતરહ્યાં હતાં.

વલસાડજિલ્લામાં પ્રથમવાર "કી હોલ ઓપન હાર્ટસર્જરી" ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં કરાઈ

૫૫ વર્ષીય દર્દીને અચાનક હાર્ટ એટેક આવ્યો અને તમામ નળીઓ પણ બ્લોકેજ હતી

હાર્ટ ઓપરેશનમાં મોટી ચીરાને બદલે માત્ર પાંચ સે.મી.નો નાનો ચીરો કરી સફળતાપૂર્વક ઓપરેશન કરાયુ

હાર્ટના અન્ય ઓપરેશન ૩ થી ૪ કલાક ચાલતા હોય છે જ્યારે આ ઓપરેશન માત્ર ૨ કલાકમાં જ પૂર્ણ થયું

કમલમ્ ન્યુઝ,વલસાડ,
વલસાડ જિલ્લામાં પ્રથમવાર થયેલી ઓપન હાર્ટ સર્જરીમાં એક ખાસ પ્રકારની કી હોલ સર્જરી ધરમપુરની પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીની પ્રેરણાથી કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલમાં કરવામાં આવી છે. ધરમપુરમાં જ રહેતા એક મધ્યમ વર્ગના પરિવારના ૫૫ વર્ષીય મોભીને અચાનક છાતીમાં દુખાવો થતા સારવાર અર્થે તાત્કાલિક શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલમાં દાખલકરવામાં આવ્યાહતા. ફરજ પરના તબીબ ડો. અકેન દેસાઈએ તપાસ કરતા હાર્ટ એટેક આવ્યો હોવાનું જણાતા વધુ તપાસ કરતા તમામ નળીઓમાં પણ બ્લોકેજ હોવાનું જણાયુ હતું. જેથી પેશન્ટ અને પરિવારને કીહોલઓપરેશન કરવાઅંગે સમજ આપવામાં આવી હતી. તેઓ સંમત થયા બાદ બે કલાકસુધી ઓપરેશન ચાલ્યું હતું. જિલ્લામાં પ્રથમવાર થયેલા આ ઓપરેશન અંગે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના હાર્ટ સ્પેશિયાલીસ્ટ ડો. અકેન દેસાઈ જણાવે છે કે, હાર્ટને લગતાઓપરેશનમાં ચેસ્ટનો ભાગ ખુલ્લો કરવોપડતો હોય છે. જ્યારે વલસાડ જિલ્લામાં પ્રથમ વારથયેલા આકી હોલઓપન હાર્ટ સર્જરીમાંમાત્ર પાંચ સે.મી.નો નાનો ચીરોકરી ઓપરેશનકરવામાંઆવે છે.હાર્ટને લગતાઅન્ય ઓપરેશન ૩ થી ૪ કલાક ચાલતા હોય છે જ્યારે આ ઓપરેશન માત્ર બે જ કલાકમાં પૂર્ણ થઈ જાય છે. આ પધ્ધતિના ઓપરેશનથી દર્દીમાં જલદી રીકવરી આવે છે અને ઈન્ફેકશન લાગવાની શક્યતા પણ નહિવત રહે છે. પોસ્ટ ઓપરેટીવ કેરમાં ઘણો ફાયદો મળે છે, હોસ્પિટલમાંથી વહેલી રજા મળી જાય છે અને દર્દી પોતાના રોજીંદા જીવનમાં જલદી પાછો ફરે છે. હોસ્પિટલના કાર્ડિયો વાસ્કયુલર સર્જન ડો. રવિસાગર પટેલે આ ઓપરેશન સફળતાપૂર્વકપાર પાડ્યુ હતું. હાલપેશન્ટ એકદમ સ્વસ્થછે. શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચસેન્ટરનાટ્રસ્ટી અજયભાઈ દોશીએ જણાવ્યું કે,આ હોસ્પિટલ અદ્યતન સાધનો અને સુવિધાઓ સાથેઅત્યંત અનુભવીડોક્ટરો દ્વારા સ્થાનિક લોકોને વિશ્વસ્તરીય આરોગ્ય સારવાર આપવા હંમેશા તત્પરરહી છે. પરંપરાગત ઓપન-હાર્ટ સર્જરીના નવા વિકલ્પ રૂપે અહીં થયેલી કી હોલ હાર્ટ સર્જરી એ આ દિશામાં લેવાયેલું વધુ એક પગલુંછે.અહીંની કેથલેબએ "સ્ટેટ ઓફઆર્ટ કેથલેબ" છે, જેમાં મેટ્રો સિટીમાં ઉપલબ્ધ હોય તેવી તમામ પ્રકારની સુવિધા નજીવા દરે ઉપલબ્ધ છે. કેથલેબ કાર્યરત થઈ ત્યારથી અત્યાર સુધીમાં આ હોસ્પિટલમાં ૧૭૦૦ થી ૧૮૦૦ કાર્ડિયાક ઈન્ટરવેન્શન અને ૧૫૦થી વધુ ઓપન હાર્ટ સર્જરી કરવામાં આવી છે, જેમાં કી હોલ બાયપાસ સર્જરીનો પણ સમાવેશ થાય છે.

નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટકોર્પોરેશન સ્ક્રીનરાઈટર્સ લેબ (ફીચર્સ) ૨૦૨૪એ ૨૧ રાજ્યોમાં છ ડાયનેમિક રાઈટર્સ અને સ્ક્રિપ્ટ્સનું અનાવરણ કર્યું

હિન્દી, ઉર્દૂ, પહાડી, પંજાબી, આસામી, મલયાલમ, કોન્યક, અંગ્રેજી અને મૈથિલી સહિત બહુવિધ ભાષાઓમાં લખેલી પસંદ કરેલી સ્ક્રિપ્ટ્સ

કમલમ્ ન્યુઝ,
નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએફડીસી)ને આ વર્ષે ૨૧ રાજ્યોમાંથી ૧૫૦થી વધુ અરજીઓ મળી હતી, જેમાંથી વિવિધ પ્રકારના ૬ પ્રોજેક્ટ્સનીપસંદગી એનએફડીસીસ્ક્રીનરાઈટર્સ લેબની ૧૭મી આવૃત્તિ માટે કરવામાં આવી છે, જે સમગ્ર ભારતમાંથી મૂળ અવાજોને વિકસાવવા, સંવર્ધન અને પ્રોત્સાહન આપવામાટે ચાલીરહેલી પહેલછે. આ૬ પટકથા લેખકો કે જેઓ એડ ફિલ્મો, ટૂંકી ફિલ્મો, નવલકથાકાર, ડોક્યુમેન્ટરી અને ફિચર ફિલ્મોના ફિલ્મ નિર્માતાપણ છે, તેમણે હિન્દી, ઉર્દૂ, પહાડી, પંજાબી, આસામી, મલયાલમ, કોન્યાક, અંગ્રેજી અને મૈથિલી સહિત અનેક ભાષાઓમાં પસંદ કરેલીસ્ક્રિપ્ટો લખી છે. સ્ક્રીનરાઈટર્સલેબ ૨૦૨૪ બેચ (ડાબેથી જમણે): મયુર પટેલ (એનએફડીસી ટીમ), રિતેશશાહ (મેન્ટર), અનુરિતા કે ઝા, ક્લેરડેબ્રિન (મેન્ટર), રોહિત ચૌહાણ (એનએફડીસીટીમ), ઉદ્ધવઘોષ, આકાશ છાબરા, પિયુષશ્રીવાસ્તવ, ત્રિરત્નમૈતી, અનમડેનિશ, માર્ટન રાબર્ટ્સ (મેન્ટર), વિનિતા મિશ્રા (એનએફડીસી ટીમ) "અમે, એનએફડીસીખાતે, દ્રઢપણે માનીએ છીએકે સારી રીતે લખાયેલી સ્ક્રિપ્ટ એક આકર્ષક વાર્તા, આકર્ષક પાત્રો અને અર્થપૂર્ણ સંવાદનો પાયો રચે છે,જે બધાસફળ ફિલ્મના આવશ્યક તત્વોછે. અમે અમારા લેખકોને તેમની અનન્ય વાર્તાઓને વધુ સારી રીતે વિકસાવવા માટે તાલીમ આપવા માટેજ નહીં, પરંતુ ઉદ્યોગના વલણો અનેપ્રથાઓને ધ્યાનમાં રાખીને, ફિલ્મ બજારમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય નિર્માતાઓ અનેરોકાણકારોને સફળતાપૂર્વક રજૂ કરવામાં પણ મોખરે છીએ." - એનએફડીસી, ફિલ્મ બાઝાર ટીમ ત્રણભાગની સઘનસ્ક્રીનરાઈટર્સ લેબ એનએફડીસી લેબની ભારતમાંથીમૌલિક અવાજો અને વાર્તાઓ વિકસાવવા માટે ચાલી રહેલી પહેલનો એક ભાગ છે. પસંદ કરેલા સહભાગીઓ ભારત અને વિશ્વભરના જાણીતા સ્ક્રીપ્ટ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વ્યક્તિગત આદાનપ્રદાન અને જૂથ સત્રો દ્વારા પ્રવર્તમાન પટકથાઓને સુદૃઢ કરવા માટે ૫ મહિનાના સઘન કાર્યક્રમમાં જાણીતા માર્ગદર્શકો સાથે મળીને કામ કરે છે. સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારોને ધ્યાનમાં રાખીને, આ પ્રોજેક્ટ્સ ફિલ્મ બજાર ૨૦૨૪ દરમિયાન ખાસ ડિઝાઈન કરેલા સત્રમાં નિર્માતાઓઅને રોકાણકારોમાટે રજૂ કરવામાં આવશે.

એનએફડીસી સ્ક્રીનરાઈટર્સલેબ ૨૦૨૪ માટે પસંદ કરેલા ૬ પ્રોજેક્ટ્સ નીચે મુજબ છે:

૧. હવા મિઠાઈ બી (કેન્ડી ફ્લોસ) અનુરિતા કે ઝા – મૈથિલી અને હિન્દી
ગામનો ૬ વર્ષનો છોકરો ટુંડુ અને તેનો ખાસ મિત્ર બુલુ પોતાની માતાનો પ્રેમ પાછો મેળવવા માટે ભગવાન હનુમાનજીની દંતકથાથી પ્રેરિત થઈને સૂર્યને ખાવા માટે હૃદયને સ્પર્શી જાય તેવી અને અદ્ભૂત યાત્રાએ નીકળ્યા હતા.

૨. આઈ વિલ સ્માઈલ ઈન સપ્ટેમ્બર આકાશ છાબરા દ્વારા - હિન્દી, ઉર્દૂ, પહાડી અને પંજાબી
તેના જીવનના પ્રેમથી અલગ થયા પછી અને તેના પછીના ક્રૂર ઝઘડામાં તેના આગળના દાંત ગુમાવ્યા પછી, જૂની દિલ્હીમાં એક યુવાન બ્રાસ બેન્ડ પ્લેયર તેનાસ્મિતને પાછું શોધીને જીવનમાંઆગળ વધવાનો પ્રયાસકરે છે.

૩. અનમ ડેનિશ (ધ આર્ટ ઓફ ધ ડાર્ક)– અંગ્રેજી અને હિંદી દ્વારા ફાલા કાલી
બે ભાઈ-બહેન તેમના મિત્રો સાથે, પરિવારમાં મૃત્યુની તપાસ કરે છે, ફક્ત એક પેઢીગતશાપ શોધવામાટે જે તેમના પર તૂટી પડે છે અને તેમના પરિવારની કાળા જાદુની પરંપરાનો ઉપયોગ કરીને તેનો અંત લાવવા માટે નીકળીપડે છે.

૪. ઉદ્ધવઘોષ દ્વારાકોન્યાક –કોન્યાક નાગાઅને હિન્દી અને અંગ્રેજી
નાગાલેન્ડની સુંદરતા વચ્ચે સંસ્કૃતિની સીમા પર, સુપ્રસિદ્ધ હેડહન્ટિંગ જાતિઓ વચ્ચે એક જીવલેણ ઝઘડો ફાટી નીકળે છે. યુવાન યોદ્ધા થુંગપાંગ કોન્યાક, ભવિષ્યવાણીના દ્રષ્ટિકોણથી બોજારૂપ અને વિશ્વાસઘાતથી ત્રાસી ગયો છે, તે તેના સમુદાયની રક્ષા કરવા અને સન્માન પાછું મેળવવા માટે સતત પીછો કરે છે, તેના ભૂતપૂર્વ મિત્ર બનેલા નશ્વર દુશ્મન સાંગબાનો સામનો કરે છે, કારણ કે ભાઈ અસ્તિત્વ ટકાવી રાખવા માટેના ક્રૂર સંઘર્ષમાં ભાઈની વિરુદ્ધ થઈજાય છે.

૫. મંગલ પહોલી બ્રિસ્ટ - ત્રિવિધમૈતી દ્વારા - આસામી, મલયાલમઅને હિન્દી
હાથીનાવાછરડા તરીકે પકડાયેલા, મંગલને પ્રેમ અને નુકસાન બંનેનો સામનો કરવો પડે છે કારણ કે તેને મનુષ્યની દુનિયામાં જોડાવા માટે બનાવવામાં આવે છે. એક જગ્યાએથી બીજીજગ્યાએ લઈ જવામાં આવે છે, હાથ બદલતા, છેવટે તે એક આદરણીય દેવતા બની જાય છે જે ભગવાન તરીકે પૂજાય છે, તેમ છતાં સાંકળોમાં બંધાયેલા છે, જ્યાં સુધી તે મુક્ત થવાનો નિર્ણય ન કરેત્યાં સુધી.

૬. પીયૂષ કી તો... નિકલ પડી (ટુ પી ઓર નોટ ટુ પી) બી પિયુષ શ્રીવાસ્તવ – હિન્દી
૩૨ વર્ષીય પિયુષ, એક મોહક, તેના સાસુ-સસરાની પ્રથમ મુલાકાત વખતે એક હાસ્યજનક દુઃસ્વપ્નનો સામનો કરે છે જ્યારે પેકિંગની ભૂલ તેને એડલ્ટ ડાયપર્સ વિનાછોડી દે છે, તેનીશરમજનક બેડવેટિંગ સમસ્યાના સંપર્કમાં આવવાનું જોખમ લે છે. તેણે પોતાની સહાયક પત્નીની મદદથી નવી નવી ખરીદી કરવા માટેએક આનંદી અને હૃદયસ્પર્શીસફર ખેડવી જોઈએ, જ્યારેતે પોતાનું રહસ્ય છુપાવીનેરાખે છે.

માર્ગદર્શકો વિશે

આ વર્ષના માર્ગદર્શકોમાંએનએફડીસીસ્ક્રીનરાઈટર્સ લેબ (ફીચર્સ) માર્ટન રાબાર્ટ્સ (ન્યુઝીલેન્ડ), ક્લેર ડોબિન (ઓસ્ટ્રેલિયા), રિતેશશાહ (ભારત)ના સ્થાપકનો સમાવેશ થાય છે.

૧. માર્ટન રાબાર્ટ્સ - ફિલ્મ ઉદ્યોગમાં ૩૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા, માર્ટેન રાબાર્ટ્સે નેધરલેન્ડ્સના રાષ્ટ્રીય ફિલ્મ મ્યુઝિયમ આઈ આઈ ખાતે આઈ ઈન્ટરનેશનલનું લગભગ ૫ વર્ષ સુધી નેતૃત્વ કર્યા બાદ, ન્યુઝીલેન્ડ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના ફેસ્ટિવલ ડિરેક્ટર તરીકેનો તેમનો તાજેતરનો હોદ્દો સંભાળ્યો હતો. આ પહેલા, માર્ટને મુંબઈમાં એનએફડીસી ઈન્ડિયામાંવિકાસ અને તાલીમના વડા તરીકે સેવા આપી હતી, જ્યાં તેમણે એનએફડીસી લેબ્સની સ્થાપના કરી હતી, જેણે ધ લંચબોક્સ અને તિતલીજેવી ફિલ્મોનીસફળતામાં ફાળોઆપ્યો હતો. અગાઉ,રાબાર્ટ્સ ૧૨ વર્ષસુધીએમ્સ્ટરડેમમાં બિંગર ફિલ્મલેબના આર્ટિસ્ટિક ડિરેક્ટર હતા, જેમાં માઈકલ રોસ્કમના બુલહેડ, કલ્ટ હિટ જેનિફર કેન્ટ દ્વારા ધ બાબાડોક, ફેબિયો ગ્રાસાડોનિયા અને એન્ટોનિયો પિયાઝા દ્વારા કાન્સ-વિજેતા સાલ્વો અને એડિના પિન્ટિલીની ૨૦૧૮ ના ગોલ્ડન રીંછ એવોર્ડ વિજેતા ટચ મી નોટ જેવી સફળતાઓ જોવા મળી હતી. તદુપરાંત, માર્ટન ટોરિનો ફિલ્મ લેબના સલાહકાર બોર્ડના સ્થાપક સભ્ય હતા, યુરોપિયન ફિલ્મ એકેડેમીના મતદાન સભ્ય છે, યુરોપિયન ફિલ્મ પ્રમોશનના બોર્ડમાં સેવાઆપે છે, અને નિયમિતપણે ફેસ્ટિવલ જ્યુરીમાંસેવાઆપેછે, જેમાંબર્લિનેલ (શોર્ટ ફિલ્મ જ્યુરી, જનરેશન ૧૪ પ્લસ, ટેડી એવોર્ડ્સ), સ્કિપ સિટી ટોક્યો, એડિલેડ ફિલ્મ ફેસ્ટિવલ અને ગુઆનાજુઆટો ફિલ્મ ફેસ્ટિવલનો સમાવેશથાય છે. અન્યોની વચ્ચે.

૨. ક્લેર ડોબિન -ક્લેર વૈશ્વિક સ્તરે સક્રિયસ્ક્રિપ્ટ એડિટર, એક્ઝિક્યુટિવપ્રોડ્યુસર અને ક્રિએટિવપ્રોડ્યુસર છે, જે ડેવલપમેન્ટ એજન્સીઓ, પટકથાલેખકો, પ્રોડ્યુસર્સ અને ડિરેક્ટર્સસાથે સહયોગકરે છે. તેઓ ૨૦૦૫થી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્ક્રિપ્ટ વર્કશોપ ઈક્વિનોક્સ યુરોપમાટે સ્ક્રીપ્ટ એડવાઈઝર તરીકે સેવાઆપી રહ્યા છે, મહત્વનાઆંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં જ્યુરી મેમ્બરતરીકે ભાગલઈ રહ્યાછે અને ઈટાલી, યુક્રેન, ભારત, નોર્વે, દોહા, દુબઈ, ઈરાન, જર્મની અને ન્યૂઝીલેન્ડ જેવા વિવિધ સ્થળોએ આંતરરાષ્ટ્રીય સ્ક્રીનરાઈટિંગવર્કશોપ્સનું આયોજન અને અગ્રણી પણ કરે છે. ૧૯૮૬થી ૨૦૦૦ સુધી, ક્લેર ઓસ્ટ્રેલિયાની રાષ્ટ્રીય સ્ક્રીન એજન્સીમાં સિનિયર એક્ઝિક્યુટિવ (ક્રિએટિવ)ના હોદ્દા પર રહી હતી. ૨૦૦૩ અને ૨૦૧૯ની વચ્ચે,ક્લેરે મેલબોર્નઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (એમઆઈએફએફ) ની અધ્યક્ષતા કરી હતી, જેણે એમઆઈએફએફને ઉદ્યોગનો પાયો બનાવનારી પહેલની દેખરેખ રાખી હતી. તેમણે એમઆઈએફએફ (MIFF) ના આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફાઈનાન્સમાર્કેટ માટેભંડોળ મેળવ્યું હતું અને એમઆઈએફએફ (MIFF) પ્રીમિયર ફંડની સ્થાપના કરીહતી અને એમઆઈએફએફ (MIFF) ખાતે પ્રીમિયર થયેલી ૫૦થી વધુ ઓસ્ટ્રેલિયન ફિલ્મોમાં રોકાણ કર્યું હતું. ક્લેરની આ સિદ્ધિઓમાં વર્ષ ૨૦૧૭માંઓસ્ટ્રેલિયન ફિલ્મ ઉદ્યોગને સેવાઓ માટે ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા (એએમ) અને ૨૦૧૯માં વિક્ટોરિયન સ્ક્રીન ઉદ્યોગમાંઉત્કૃષ્ટ નેતૃત્વ માટે જીલ રોબ એવોર્ડ મેળવવાનો સમાવેશ થાય છે. હાલમાં ક્લેર કેટલીક ફિલ્મો માટે એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરીકે કામ કરે છે અને ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, ભારત અનેયુનાઈટેડ સ્ટેટ્સમાં આંતરરાષ્ટ્રીય ફિચર ફિલ્મો અને ટીવી શ્રેણીઓના સ્ક્રિપ્ટ એડિટિંગમાંસક્રિય પણે સામેલ છે.

૩. રિતેશ શાહ - રિતેશ શાહે હિન્દુ કોલેજ (૧૯૯૩-૧૯૯૬)થી અંગ્રેજી સાહિત્યમાં સ્નાતકની પદવી મેળવી છે અને એમસીઆરસી, જામિયા મિલિયા ઈસ્લામિયામાંથીમાસ કમ્યુનિકેશન્સમાં માસ્ટર્સ કર્યું છે. તેમણે એકટ વન આર્ટ ગ્રુપ, નવી દિલ્હીથી નાટ્યકારતરીકે કારકિર્દીની શરૂઆત કરીહતી. તેમની કૃતિઓમાં ફ્રિન્જ એવોર્ડ વિજેતા ઓથેલો - એ નાટક ઈન બ્લેક એન્ડ વ્હાઈટનો સમાવેશ થાય છે. રિતેશ ૧૯૯૯માં ટેલિવિઝન તરફ વળ્યો હતો. તેમની ટેલિવિઝન લેખન ક્રેડિટમાંજોશ, કશ્મીર, ક્રિષ્ના અર્જુન અને એવોર્ડ વિજેતા શ્રેણી કાગારનો સમાવેશ થાય છે. રિતેશ શાહે કહાની અને નમસ્તે લંડન જેવી ફિલ્મોમાં ડાયલોગનુંયોગદાન આપીનેપોતાના ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી અને ત્યારબાદ ડી-ડે અને એરલિફ્ટ જેવીફિલ્મોનું સહ-લેખન કર્યું હતું. તેમની સોલો સ્ક્રીનપ્લે અને ડાયલોગ ક્રેડિટમાં બી.એ. પાસ, સિટીલાઈટ્સ, ફોર્સ, વિવેચકોદ્વારાવખણાયેલી પિંક અને રેઈડ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. રિતેશ શાહને બી.એ. પાસ માટે શ્રેષ્ઠ વાર્તાઅને ડી-ડે માટે શ્રેષ્ઠ પટકથા માટેફિલ્મફેર એવોર્ડમાટે નામાંકિત કરવામાં આવ્યા છે, જેના માટે તેમણે ઝી સિને એવોર્ડ્સ નોમિનેશનપણ મેળવ્યુંહતું, પિંકમાટે બેસ્ટ ડાયલોગ માટે તેમને ફિલ્મફેર, ઝીસિને અને સ્ટાર સ્ક્રીન એવોર્ડમળ્યા હતા.

અગાઉ, એનએફડીસી સ્ક્રીનરાઈટર્સ લેબમાંથી ઉદ્ભવેલા એવોર્ડ વિજેતા પ્રોજેક્ટ્સમાં લંચબોક્સ (રિતેશ બત્રા), લિપસ્ટિક અંડર માય બુરખા (અલંકૃતાશ્રીવાસ્તવ), દમલગા કેહઈશા (શરત કટારિયા), તિતલી(કનુ બહલ), શબ (ઓનિર), એ ડેથ ઈન ધ ગુંજ (કોંકણા સેન શર્મા), આઈલેન્ડ સિટી (રુચિકા ઓબેરોય), બોમ્બે રોઝ, (ગીતાંજલિ રાવ)અને ચુસ્કીટ (પ્રિયા રામસુબ્બન),ઈન ધ બેલી ઓફ અ ટાઈગર (સિદ્ધાર્થ જટલા), ફાયર ઈન ધ માઉન્ટેઈન્સ (અજિતપાલસિંઘ) ઉલ્લોઝુક્કુ (ક્રિસ્ટો ટોમી)નો સમાવેશ થાય છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગર દ્વારા આયોજિત ઈમોશનલ લિટરસી" વર્કશોપ

કમલમ્ ન્યુઝ,
કડીસર્વ વિશ્વવિદ્યાલય તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ- કડી ગાંધીનગર સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ સ્કીલ ડેવલોપમેન્ટ દ્વારા" ઈમોશનલ લિટરસી" વર્કશોપ આયોજન તારીખ ૧૭ ઓગસ્ટ ના રોજ કડી ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં નિષ્ણાતતરીકે પધારેલા એકાગ્ર ફાઉન્ડેશનના શિક્ષણવિદ્ય પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક ત્રાપતી ગાંધી તથા સુશ્રી શિખા અગ્રવાલનું સ્વાગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન તથા કડીસર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. તમામ ડીન, ડાયરેક્ટરશ્રીઓ, આચાર્યશ્રીઓએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. આ વર્કશોપનો મુખ્ય હેતુ માનવીય લાગણીઓનું જ્ઞાન અને તે અંગેની જાગૃતિ દ્વારા વ્યવસાયિક જીવનમાં વધુ સુખી અને સફળ થવા માટેનો અને ભાવાત્મક તાદાત્મ્યતા કેળવવાનો હતો. આયોજિત વર્કશોપનું માર્ગદર્શન ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ સ્કીલ ડેવલોપમેન્ટના ડીન ડો.જીનલ જોશીદ્વારા કરવામાંઆવ્યું હતું.

ભગવાન શ્રી કૃષ્ણની 'બેટ દ્વારકા'ની 'વર્લ્ડ કલાસ' સ્તરે થશે કાયાપલટ

બેટ દ્વારકાનો ત્રણ તબક્કામાં કરાશે સુગ્રથિત વિકાસઃ પ્રથમ તબક્કા માટે રૂ.૧૫૦ કરોડની ફાળવણી



કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી શ્રીભુપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વમાં ગુજરાતમાંઅનેક ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો- ટૂરિસ્ટ ડેસ્ટિનેશનને કરોડોના ખર્ચે પ્રવાસીઓ માટે વિકસાવવામાં આવી રહ્યા છે. બેટ દ્વારકામાં 'સુદર્શન સેતુ'ના નિર્માણ બાદ યાત્રાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ જ રીતે તીર્થ સ્થળ તેમજ આસ્થાની સાથે પૌરાણિક મહાત્મ્ય ધરાવતી પ્રસિદ્ધ ભગવાનશ્રી કૃષ્ણની 'બેટદ્વારકા'ની વૈશ્વિક સ્તરે કાયાપલટ માટે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઇ બેરાના સતત માર્ગદર્શનમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવામાંઆવ્યો છે.

જેમાં ત્રણ તબક્કામાં મંદિર પરિસર, બીચ અને તેની આસપાસના વિસ્તારોને ડેવલપ કરવામાં આવશે. આ આઈલેન્ડના પ્રથમ તબક્કા-ફેઝના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૫૦ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે,જેની ટેન્ડરિંગની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે.આવનારા સમયમાં આ આઈલેન્ડના ફેઝ -૨ અને ૩નીડેવલપમેન્ટની કામગીરી ચાલુ કરવામાંઆવશે તેમ,ગુજરાત પ્રવાસન નિગમ, ગાંધીનગર દ્વારા જણાવવામાંઆવ્યું છે.

પ્રવાસન નિગમની યાદી મુજબ બેટ દ્વારકા ડેવલપમેન્ટ પ્રોજેકટ ફેઝ -૧માં દ્વારકાધીશજી મંદિર ડેવલપમેન્ટ, સ્ટ્રીટ બ્યુટિફિકેશન, હેરિટેજ સ્ટ્રીટ ડેવલપમેન્ટ, શંખનારાયણ મંદિર અને તળાવડેવલપમેન્ટ, નોર્થ બીચ ડેવલપમેન્ટ-પબ્લિકબીચ, ટૂરિસ્ટ વિઝિટર સેન્ટર અને હાટ બજાર અને હિલ્લોક પાર્ક વીથવ્યૂઈંગ ડેક બનાવવામાં આવશે સાથેસાથે બેટ દ્વારકા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ- ૨ માં દાંડી હનુમાન મંદિર અને બીચ ડેવલપમેન્ટ, અભય માતા મંદિર અને સનસેટ પાર્ક,નેચર એન્ડમરીન ઈન્ટરપ્રેશન સેન્ટર, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર, કમ્યુનિટીલેક ડેવલપમેન્ટ અને રોડ એન્ડ સાઈન બનાવવામાં આવશે. આ પછી બેટ દ્વારકા ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ-૩ માંસોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, કમ્યુનિટી લેક ડેવલપમેન્ટ અને લેક અરાઈવલ પ્લાઝાતૈયાર કરવામાંઆવશે. બેટ દ્વારકા આવતા યાત્રિકો માટે ભવિષ્યમાં બીચથી મંદિર સુધી શટલ સર્વિસ, ઈવ્હીકલ, ડોલ્ફિન વ્યૂઈંગ માટે ફેરી સર્વિસ, ઓડિયો વિઝ્યુઅલ પ્રદર્શન, સ્કિલ ડેવલપમેન્ટ અને ગાઈડ ટ્રેનિંગ વગરે ડેવલપ કરવામાંઆવશે.

બેટ દ્વારકા આઈસલેન્ડ ડેવલપમેન્ટના ફેઝ -૧ના મુખ્ય આકર્ષણોઃ-

- મંદિર પરિસર અને તેની આજુબાજુના પ્રાંગણનો વિકાસ બેટ દ્વારકા ડેવલપમેન્ટના માસ્ટર પ્લાન મુજબ કરાશે. મંદિર પરિસરમાં યાત્રાળુઓ સરળતાથીપ્રવેશી શકે એ માટે ચાર દિશાઓમાં પ્રવેશ દ્વાર બનાવાશે. જેમાંસુદામા સેતુથી બેટ દ્વારકા ગામતરફ આવતા રસ્તાને, દરિયાઈ માર્ગેથી મુખ્ય પ્રવેશ સુધીનો દ્વાર બનશે. અહીંયાત્રાળુઓ માટે મંદિર સામગ્રીની ચીજ વસ્તુઓ, ખાણી-પીણીના સ્ટોલ, લોકલ આર્ટ અને ક્રાફ્ટને પ્રમોટ કરતી દુકાનો તથા જીવનજરૂરિયાત વસ્તુઓને લગતી દુકાનો બનાવામાં આવશે. અન્ય સુવિધાઓમાં મોબાઈલ અને પગરખાં મૂકવાની લોકર સુવિધા, પ્રસાદ વિતરણ કેન્દ્ર તથા કોમન ટોઈલેટ્સની સુવિધાઊભી કરાશે. આ સાથે અત્યાધુનિક ફેસેલિટીવાળી ભોજનશાળા અને સભા, ભજન-કીર્તન કરવા માટે બે મલ્ટીપર્પઝ હોલ પણ બનાવાશે. સૌથીમહત્ત્વનું કે, મંદિરમાં ભીડના થાય એ માટે ભાઈઓ અનેબહેનોની દર્શન કરવાની લાઈન અલગ બનાવાશે તથા દિવ્યાંગોને કોઈ અગવડ નાપડે એ રીતે આ માસ્ટર પ્લાન ડિઝાઈન કરાયો છે. મંદિર પરિસરમાં યાત્રાળુઓને માહિતગાર કરતાં સાઈન બોર્ડ, પાણીની પરબ,કચરા પેટીઅને બેસવા માટે બેન્ચની વ્યવસ્થા હશે. યાત્રાળુઓની યાત્રા યાદગાર બને તે માટે ભગવાન શ્રીકૃષ્ણના જીવનચરિત્રના ચિત્રો અથવામૂર્તિનું પ્રદર્શનનું પણ પ્લાનિંગકરાયું છે.
- નોર્થ-પદમ બીચઃ બેટ દ્વારકાનો આ નોર્થ બીચ શિયાળાની ઋતુમાં 'ડોલ્ફિન' નિહાળવા માટે જાણીતો છે. અહીં અનોખો 'પદમ'નામનો શંખ મળેછે જેથી આબીચને 'પદમ બીચ' પણ કહેવામાં છે. માસ્ટરપ્લાન મુજબ આ બીચ પર પાર્કિંગ, ખાણીપીણીના સ્ટોલ, બાળકો માટે રમત-ગમતના સાધનો, બેસવાની સુવિધા અને ટોઈલેટ જેવી ફેસેલિટી ઊભી કરાશે. આ નોર્થ બીચ પર ટૂરિસ્ટો મનોરંજન અને સૂર્યાસ્તનો નયનરમ્ય નજારો માણી શકશે.
- ટૂરિસ્ટ વિઝિટર સેન્ટરઃ બેટ દ્વારકા ડેવલપમેન્ટ પ્લાન મુજબ અહીંટૂરિસ્ટ વિઝિટર સેન્ટર હાલમાં સુદામા સેતુથી મંદિર પરિસર જતાં રસ્તામાં બનાવાશે. જેમાં મંદિરની ઐતિહાસિક માહિતી, બેટ દ્વારકામાં થતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી અપાશે,એટલું જ નહીં અહીં વેઈટિંગ એરિયા, ટોઈલેટ્સ, લોકર સુવિધા,ગુજરાતીફૂડના ચટાકા માણવા માટે એક રેસ્ટોરાં અને હાટ બજાર બનાવાશે.
- હેરિટેજ સ્ટ્રીટ ડેવલપમેન્ટઃ માસ્ટર પ્લાનમાંબેટ દ્વારકામાં ઘણા ઐતિહાસિક મંદિરોને જોડતી હેરિટેજ સ્ટ્રીટમાં મુખ્યત્વે દ્વારકાધીશ મંદિર, શંખનારાયણ મંદિર અને હનુમાન દાંડી મંદિરનો સમાવેશ કરાયો છે. આ મંદિરોને જોડતા રસ્તાઓને 'હેરિટેજ' થીમ પર ડેવલપ કરાશે. આસ્ટ્રીટમાં ભીતચિત્રો, મ્યુરલ,ચબુતરા, લેન્ડસ્કેપિંગ, લાઈટ અને બેસવાની સુવિધાઓ ડેવલપ કરવામાં આવશે.
- હિલ્લોક પાર્ક : અહીંથી યાત્રાળુઓ 'સૂર્યોદય અને સૂર્યાસ્ત'નોનયનરમ્ય નજારો જોઈ શકશે માસ્ટર પ્લાન મુજબ આ સ્થળને 'પબ્લિક પાર્ક' તરીકે વિકસાવાશે. અહીંથી સુદામા સેતુનો નયનરમ્ય વ્યૂ જોવા મળશે. આ પાર્કમાંપણ ખાણીપીણીના સ્ટોલ, સ્પેશિયલ લેન્ડસ્કેપ, બોર્ડવોક, વોકવે અને કોમન ટોઈલેટ્સ જેવીસુવિધા ઊભી કરાશે.
- આમ,રાજ્ય સરકારના પ્રયાસોથી ધાર્મિક અને પ્રવાસનના સુગમસંયોગ થકી આ વિસ્તારમાં રોજગારીની વિપુલ તકો પણ ઉપલબ્ધ થશે સાથેસાથેસ્થાનિક ઉત્પાદનનો વધુને વધુ પ્રોત્સાહન પણ મળશે તેમ, પ્રવાસન નિગમ દ્વારાજણાવાયું છે.

મુખ્યમંત્રીશ્રી ધ્વારા રજૂકરવામાંઆવેલ પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપતાસરકારી સંકલ્પ એટલેકે અભિનંદન પ્રસ્તાવને પૂર્ણસમર્થન આપતુંધારાસભ્ય ઉદય કાનગડનુંવકતવ્ય

દશ વર્ષના શાસનમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે, આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના શાસનમાં દેશની નીતિ અને રીતિમાં અભૂતપૂર્વ બદલાવ લાવીને આતંકવાદ અને નક્સલવાદ પર કરેલા પ્રહારથી એ બંન્ને આતંકી પ્રવૃતિઓની કમર તોડી નાખી છે.:ઉદય કાનગડ

એક સમય એવો હતો કે જયારે કાશ્મીરનાં લાલ ચોકમાં રાષ્ટ્રધ્વજ સળગાવવામાં આવતો હતો. આજે અહીં રાષ્ટ્રધ્વજ શાનથી લહેરાય છે.:ઉદય કાનગડ

કમલમ્ ન્યુઝ,

સૌથીપહેલાહું આ સદનના માધ્યમથી દેશના ગૌરવશાળી પ્રધાનમંત્રીતરીકે સતતત્રીજી વખત શપથ લેવા બદલ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને અને એમની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. દેશની જનતાએ સતત ત્રીજીવાર આદરણીય નરેન્દ્રભાઈ મોદીસાહેબ પર ભરોસો મૂકીને દેશનું સુકાન સોંપ્યું છે. જે માટે હું દેશની પ્રજાને પણ આ સદનના માધ્યમથી અભિનંદન પાઠવું છુ. ભારતવર્ષની જડોને નબળી પાડવાના આશયથી અને દેશને અંદરથી ખોખલો કરવાની મેલી મુરાદથી દેશ બહારની તાકાત દેશના કેટલાક ભટકી ગયેલા લોકોનો સહારો લઈ, એમને અંધારામાં રાખીને, દેશને નુકસાન કરવાના સપના જુએ છે. આતંકવાદી ગતિવિધિઓ ધ્વારા અને નકસલી પ્રવૃતિઓ ધ્વારા દેશના વિકાસને રૂંધવાના પ્રયાસો કરે છે. એક દસકા પહેલાસુધી આ બધુ બહુ ચાલ્યું. આતંકીઓ અને નકસલીઓને દેશમાં ત્રાસવાદ ફેલાવતા રોકવાના બદલે કેટલીક સરકારોએ આવા લોકોસામે આંખ આડા કાન કર્યા, પરિણામ સ્વરૂપ આવા લોકોને મોકળું મેદાન મળી રહેતા દેશમાં છાશવારે આતંકી ઘટનાઓ મોટાપાયે બનતી રહેતી હતી. કાશ્મીરમાંપાકિસ્તાન પ્રેરિત આતંકવાદ અને દૂરના પૂર્વના રાજ્યોમાં નકસલવાદે રીતસર ભયનોમાહોલપેદા કર્યોહતો. દશ વર્ષના શાસનમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે, આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના શાસનમાં દેશની નીતિ અને રીતિમાં અભૂતપૂર્વબદલાવ લાવીને આતંકવાદ અને નકસલવાદ પર કરેલા પ્રહારથી એ બંન્ને આતંકી પ્રવૃતિઓની કમર તોડી નાખી છે. નકસલવાદી પ્રવૃતિઓમાં સામેલ લોકોને સમજાવી, તકોનું નિર્માણ કરી, એ લોકોને મુખ્યધારામાંપુનઃ લાવવાનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન કરવાનુંશ્રેય કેન્દ્રનીમોદીસાહેબની સરકારનેજાય છે.જે માટેહું દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તથા દેશનાં ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબને આ સદનના માધ્યમથી ગુજરાતની પ્રજા વતી અભિનંદન પાઠવું છું. મનેકહેતા આનંદ થાય છેકે, છેલ્લા પચાસ વર્ષમાં ગયા વર્ષે ૨૦૨૩માં પ્રથમ વખતબસ્તર જિલ્લામાં ૨૩ જગ્યાએરાષ્ટ્રધ્વજ ફરકયો વર્ષ-૨૦૧૦ની તુલનામાં વર્ષ-૨૦૨૩માં બસ્તરમાંપ્રવાસન ૯૦% જેટલું વધ્યું છે. વર્ષ-૨૦૧૦ની સરખામણીમાં નકસલ હુમલામાં ૨૦૨૩માં ૭૦%નોઘટાડોથયો છે. બસ્તર વિસ્તારમાં જયારે નકસલવાદ પૂરજોશમાંહતો ત્યારે બસ્તરની આસપાસની જે શાળાઓ તોડી નંખાઈ હતી, તેમાંથી છેલ્લા ૧૦ વર્ષમાં ૨૬૬ સ્કૂલો ફરી શરૂ થઈ ગઈ છે. વર્ષ-૨૦૧૦માં દેશમાં નકસલ પ્રભાવિત જિલ્લાઓનીસંખ્યા૧૮૦હતી, જે આજે ૪૩જિલ્લાસુધીસીમિત કરી શકાઈ છે. દેશનુ સુકાન મોદી સાહેબે સંભાળ્યા પછી આ હકારાત્મક બદલાવ આપણે ત્યાં લાવી શકાયો છે. અનેક નકસલીઓએ આત્મસમર્પણ કરી પુનઃ જીવનની મુખ્ય ધારામાં ભળી જવાનું પસંદ કર્યુ છે. જે માટે સદનના માધ્યમથીપુનઃ હું દેશના વડાપ્રધાન મોદીસાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબને અભિનંદન આપુ છું. જમ્મુ અને કાશ્મીરમાં આતંકી પ્રવૃતિ દાયકોઓથીફુલીફાલી હતી. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને સ્થાનિક કેટલાક લોકોની સ્લીપરસેલ જેવી મદદ મળી રહેતી હતી. વળી ૩૭૦ ની કલમને કારણે રાજયને મળેલા કેટલાક વિશેષ અધિકધારોનો દુરુપયોગપણ થતો હતો. આપણા સૈનિકો પર પથ્થરબાજીની ઘટનાઓ રોજબરોજ બનતીહતી. અગાઉનીસરકારો મૂક પ્રેક્ષક બનીને જોઈ રહેતીહતી. જેથી આંતકી લોકોને છૂટો દોર મળતો હતો. મોદીસાહેબે દેશનું સુકાન સંભાળ્યા પછી ત્રાસવાદને ડામવા નકકર પગલાં લીધા. ૩૭૦ની કલમને બંધારણીય રીતે, સંસદના માધ્યમથી એક જ ઝાટકે સમાપ્ત કરી દીધી. અનુચ્છેદ ૩૭૦ની વિશિષ્ટ જોગવાઈઓને કારણે ભારતીય સંસદ જમ્મુ-કાશ્મીર વિધાનમંડળની સહમતિ વિના સંરક્ષણ, વિદેશી બાબતો અને સંદેશાવ્યવહાર અંગેના કાયદા બનાવવાના અધિકારી સિવાય બીજાં કાર્ય કરી શકતી નહોતી. રાજય તથા રાજયને પ્રભાવિત કરનારી કોઈપણ આંતર રાષ્ટ્રીય સંધિકે બંધારણના અનુચ્છેદ ઉપર અંતર્ગત રાષ્ટ્રતિ ધ્વારા આંતરિક અંશાતિના આધાર પર કટોકટીની ઘોષણા રાજયસરકારની સહમતિ વિના જમ્મુ-કાશ્મીરમાંલાગુ પાડી શકાતી ન હતી. ભારતના બંધારણની કલમ-૩૬૦ હેઠળ દેશમાં નાણાકીયકટોકટી લાદવાની જોગવાઈ છે. તેજમ્મુ-કાશ્મીર પર લાગુ પડતી ન હતી. અનુચ્છેદ ૩૬૫ અંતર્ગત કેન્દ્ર સરકારના આદેશોના પાલન ન કરવાના કારણોસર જમ્મુ- કાશ્મીર રાજયના સંવિધાનને બરખાસ્ત કરી શકાતુંનહોતું. નોકરી, સંપતિ અને નિવાસના વિશેષ અધિકાર રાજયના સ્થાયી નિવાસીઓને જ ફાળવાયેલા હતાં. બંધારણના ભાગ-૪માં નિર્દેશિત નીતિ નિર્દેશક તત્વોરાજય પર લાગુપાડી શકાતા ન હતા. બંધારણની કલમ-૩૫૬ જમ્મુ-કાશ્મીર રાજય પર લાગુપાડી શકાતીનહોતી. રાષ્ટ્રપતિ પાસેરાજયનાબંધારણને બરતરફ કરવાનો અધિકાર નહોતો. ૧૯૭૬નો શહેરી કાયદો જમ્મુ-કાશ્મીર પર લાગુ પડતો નહોતો. ભારતના અન્ય રાજયોના લોકો જમ્મુ-કાશ્મીરમાં જમીન ખરીદી શકતાન હતા.

આબધું એક ઝાટકે સમાપ્ત કરી જમ્મુ-કાશ્મીરના વિકાસના ધ્વાર ખોલવાનુંકામ એક પણ ગોળી ચલાવ્યા વિના પાર પાડવાનું અસંભવ મનાતું કાર્ય આદરણીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે દૃઢ સંકલ્પ અને ઈચ્છાશકિત સાથે પાર પાડયું છે.

ટૂંક સમયમાં જ હવે ત્યાં ચૂંટણી યોજાશે અને આગામી ત્યાં પ્રજાએચૂંટેલી સરકાર કાર્યરત થશે. જમ્મુ અને કાશ્મીરમાં તથા લડાખ ક્ષેત્રમાં વિકાસની ગાડી અત્યારે બરાબર પાટા પર ચડી દોડતી થઈ ગઈ છે. હજારો કરોડના ખર્ચે આ ક્ષેત્રની કાયાપલટ કરવાનુંકામ ચાલુ છે.એક સમય એવો હતોકે જયારે કાશ્મીરનાં લાલચોકમાં રાષ્ટ્રધ્વજ સળગાવવામાં આવતો હતો. આજે અહીંરાષ્ટ્રધ્વજ શાનથીલહેરાય છે. પ્રજાનો કરફયુની હાડમારીમાંથી છૂટકારો થયો છે. પ્રવાસન ઉદ્યોગ ધમધમતો થયો છે. પ્રજા પુનઃ વિકાસમાં વિશ્વાસ કરતી થઈ છે. આ બધું દેશની નરેન્દ્ર મોદી સાહેબની સ્થિર અને મજબૂત સરકારને આભારી છે. મોદીસાહેબના દૃઢ અને નકકર નર્ણયોને આભારી છે. જે માટે હું તેમને આ સદનનામાધ્યમથી પુનઃ પુનઃ અભિનંદનપાઠવુંછું.

રાષ્ટ્રપતિએ ફરિદાબાદમાં જેસી બોઝ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના ૫માં પદવીદાન સમારંભમાં હાજરી આપી

કમલમ્ ન્યુઝ,

ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદીમુર્મુએઆજે (૨૧ ઓગસ્ટ, ૨૦૨૪) હરિયાણાનાં ફરીદાબાદમાં જેસી બોઝ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીનાં ૫માં પદવીદાન સમારંભમાં હાજરી આપી હતી. આ પ્રસંગેરાષ્ટ્રપતિએ કહ્યુંકે આજે સમગ્ર વિશ્વ ચોથી ઔદ્યોગિક ક્રાંતિના યુગમાં છે. ભારત આ ક્રાંતિના પડકારોનો સામનો કરવા અને તેની તકોનો લાભ લેવા પણ તૈયાર છે. આ રાષ્ટ્રીય લક્ષ્યને પ્રાપ્ત કરવામાં જેસી બોઝ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી જેવી સંસ્થાઓની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. રાષ્ટ્રપતિને એ જાણીને આનંદ થયો કે આ યુનિવર્સિટીએ છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણી ઔદ્યોગિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથેકરાર કર્યા છે. ઘણી મલ્ટિનેશનલ કંપનીઓએ વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે આ યુનિવર્સિટીના કેમ્પસમાં સેન્ટર્સ ઓફ એક્સેલન્સની સ્થાપના પણ કરીછે. તેમણે આશા વ્યક્તકરી કે આ તમામ પ્રયાસોના સકારાત્મક પરિણામો મળશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે, તકનીકીના વિકાસને કારણે પ્રગતિના ઘણા માર્ગો ખુલી ગયા છે. ઉદાહરણ તરીકે, અંતરિયાળ વિસ્તારોમાં ઈન્ટરનેટની સુલભતાએ ઓનલાઈન રોજગારીની ઘણી તકો ઊભીકરીછે. પરંતુ આપણેએ યાદ રાખવું જોઈએ કે તકનીકીનો ઉપયોગ યોગ્ય અને ટકાઉ વિકાસ અને જાહેર હિત માટે થવો જોઈએ. તેનો ખોટો ઉપયોગ વિનાશક બની શકે છે. રાષ્ટ્રપતિએ જેસી બોઝ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની યુવાનોને કુશળ અને આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકાભજવવા બદલ પ્રશંસા કરીહતી. તેમનેએ જાણીને આનંદ થયો કે આ યુનિવર્સિટીમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એક પ્રભાવશાળી સૂચિ છે જે દેશ અને વિદેશમાં ઘણા ક્ષેત્રોમાં નોંધપાત્ર કાર્ય કરીરહ્યાછે.તેમણે યુનિવર્સિટી વહીવટીતંત્રને એલ્યુમની એસોસિએશનના યોગદાનને વધુ અસરકારક બનાવવા માટે પગલા ભરવાની સલાહ આપી હતી. રાષ્ટ્રપતિએકહ્યું કેઆ યુનિવર્સિટીનું નામ મહાન વૈજ્ઞાનિક અને આધુનિક વિજ્ઞાનના પ્રણેતા જગદીશચંદ્ર બોઝના નામ પર રાખવામાં આવ્યું છે, જેઓ કદાચ વિશ્વનાપ્રથમ વૈજ્ઞાનિક હતા જેમણે વૈજ્ઞાનિક રીતે સાબિત કર્યું હતું કે વૃક્ષો અને છોડને પણ લાગણી હોય છે. તેમની ક્રાંતિકારી શોધે વનસ્પતિજન્ય વિશ્વને જોવાની આપણી રીતબદલી નાખી. તેમણે વિદ્યાર્થીઓને તેમના જીવન અને કાર્યોમાંથી પ્રેરણા લેવા અને તકનીકીદ્વારાસમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા વિનંતી કરી. રાષ્ટ્રપતિએકહ્યું કેભારતની સમૃદ્ધ વિરાસત હંમેશા આપણને ગર્વ અપાવે છે. યુવાનો આ સમૃદ્ધ વારસાનો એક ભાગ છે અને તેઓએ તેના ધ્વજવાહક બનવું પડશે. તેમણે વિદ્યાર્થીઓને તેમની યોગ્યતાઓ અને ક્ષમતાઓ પર વિશ્વાસ રાખવાની અને તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની સલાહ આપી.

ઈ-કોમર્સનો વિકાસ નાગરિક કેન્દ્રિત હોવો જોઈએ: કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલ

દેશમાં ૧૦૦ મિલિયન નાના રિટેલર્સ માટે કોઈ વિક્ષેપ ન પડે તે સુનિશ્ચિત કરવાની જરૂર છેઃ શ્રી ગોયલ

શ્રી ગોયલે ભારતના વિકાસશીલ અર્થતંત્રને સંરક્ષિત કરવા અને એવા લોકોને ટેકો આપવાના મહત્ત્વ પર ભાર મૂક્યો, જેમને હજુ પણ હકારાત્મક પગલાંની જરૂર છે

ભારતમાં ઇ-કોમર્સની વૃદ્ધિ માટે સંતુલિત અભિગમની જરૂરિયાતઃ શ્રી ગોયલ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, આપણે એ સુનિશ્ચિત કરવું પડશે કે ઈ-કોમર્સનો વિકાસનાગરિક કેન્દ્રિત હોય. આજે નવીદિલ્હીમાં મુખ્ય અતિથિ તરીકે પહલે ઈન્ડિયા ફાઉન્ડેશનના 'ઈ-કોમર્સ ઓન એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ઝ્યુમર વેલ્ફેર ઈન ઈન્ડિયા' વિષય પરના એક અહેવાલના વિમોચન પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઈ-કોમર્સના વિકાસને પગલે સમાજના વિશાળ વર્ગમાં લાભની વહેંચણીનું લોકશાહીકરણ થવું જોઈએ. શ્રીગોયલે જણાવ્યુંહતું કે, ટેકનોલોજી એ સશક્ત બનાવવા, નવીનતા લાવવાનું અને ઉપભોક્તાઓની જરૂરિયાતો પૂર્ણ કરવાનાં માધ્યમો – કેટલીક વાર વધારે અસરકારક રીતે – માટેનાં માધ્યમો છે. પરંતુ આ વૃદ્ધિ વ્યવસ્થિત રીતે થવી જોઈએ, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, બજાર હિસ્સોની દોડમાં આપણે દેશભરના ૧૦૦ મિલિયન નાના રિટેલરો માટેવિક્ષેપ ઊભો ન કરવો જોઈએ. શ્રી ગોયલે ભારતનાં વિકસતાં અર્થતંત્રનું સંરક્ષણ કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને જેમને હજુ પણ હકારાત્મક કામગીરીની જરૂર છે તેમને સાથસહકાર આપવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યોહતો. તેમણે કહ્યું હતું કે, "ત્યાંમોટો વર્ગ છે, જે હજુ પણ આપણી મદદને પાત્ર છે. જ્યારે ભારતના ભવિષ્ય માટે નોકરીઓ અને તકોની વાત આવે છે, ત્યારે મને લાગે છે કે આપણે બધાએ આપણી ભૂમિકા ભજવવી પડશે, "તેમણે જણાવ્યું હતું. શ્રી ગોયલે ભારતનાંપરંપરાગતરિટેલ ક્ષેત્ર પર ઈ-કોમર્સનાં વધતાં પ્રભાવ અને રોજગારી પર તેની સંભવિત અસરનાં સંબંધમાં પોતાની ચિંતા વ્યકત કરી હતી. મંત્રીએ એવી શક્યતા પર પ્રકાશ પાડ્યો હતો કે આગામી દાયકામાંભારતનું અડધું બજાર ઈ-કોમર્સ નેટવર્કનો ભાગ બની શકે છે, આ વિકાસને તેમણે "ચિંતાનો વિષય"ગણાવ્યોહતો. ઈ-કોમર્સની વ્યાપક અસરોપર વિચાર કરીને શ્રી ગોયલે તેની અસરનું નિષ્પક્ષ અને ડેટા-સંચાલિત વિશ્લેષણ કરવા અપીલકરી હતી. પશ્ચિમના દેશો સાથે સરખામણી કરતા શ્રીગોયલે નોંધ્યું હતું કે, ઈ-કોમર્સના ઉદયને કારણે અમેરિકા અનેયુરોપજેવાદેશોમાંપરંપરાગત "મોમ એન્ડ પોપ" સ્ટોર્સમાં ઘટાડો થયો છે.

તેમણે ધ્યાન દોર્યું હતું કે સ્વિટ્ઝર્લેન્ડ ઈ-કોમર્સ પ્રત્યે સાવચેતીભર્યો અભિગમ ધરાવે છે. "હું ઈ-કોમર્સની ઈચ્છા નથી રાખતો. શ્રી ગોયલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "તે અહીં રહેવા માટે છે, પરંતુ આપણે તેની ભૂમિકા વિશે ખૂબ કાળજીપૂર્વક અને સાવચેતીપૂર્વક વિચારવું પડશે. શું શિકારી ભાવો દેશમાટે સારા છે?" મંત્રીશ્રીએ ઈ-કોમર્સની સ્થાનિક ઉદ્યોગો અને રોજગારી પર ખાસ કરીને ફાર્મસીઓ અને મોબાઈલ ફોન રીપેરીંગ શોપ જેવા ક્ષેત્રોમાં થતી અસરોઅંગે ચિંતાવ્યક્ત કરી હતી. પોતાની ટીપ્પણીના સમાપનમાં તેમણે વ્યાવસાયિક સમુદાય અને નિષ્ણાતોને આગ્રહ કર્યો હતો કે તેઓ વિગતવાર અને વૈજ્ઞાનિક રીતેદેશની જરૂરિયાતોના સંદર્ભમાં ઈ-કોમર્સની અસર નો કાળજીપૂર્વક અભ્યાસ કરે અને તેનું મૂલ્યાંકન કરે.

હાલ રાજયમાં વાયરલ એક્કેફેલાઈટીસ કે ચાંદીપુરાના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે – આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

રાજ્યમાં વાયરલ એક્કેફેલાઇટીસ કે ચાંદીપુરા સંક્રમિત એક પણ નવો કેસ છેલ્લા ૬ દિવસમાં નોંધાયો નથી અને છેલ્લા ૧૨ દિવસમાં એક પણ દર્દીનું મૃત્યુ થયું નથી – આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ગુજરાતમાં આ વર્ષે વાયરલ એક્કેફેલાઇટીસના કુલ ૧૬૪ કેસ નોંધાયા : જે પૈકી ૬૧ કેસ ચાંદીપુરા પોઝીટીવ જણાયા

કમલમ્ ન્યુઝ,

ગુજરાતવિધાનસભામાં ટૂંકી મુદતના પ્રશ્નમાં ચાંદીપુરા વાયરસ અને વાયરલ એક્કેફેલાઈટીસની સ્થિતિ અંગેનાપ્રત્યુત્તરમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ૬ દિવસમાં વાયરલ એક્કેફેલાઈટીસ કેચાંદીપુરાનો એક પણ નવો કેસ નોંધાયો નથી તેમજ રાજ્યમાં ૧૨ દિવસમાં વાયરલ એક્કેફેલાઈટીસ કે ચાંદીપુરાથી સંક્રમિત એક પણ દર્દીનું મૃત્યુ નોંધાયુંનથી. વધુવિગતો આપતા તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં વર્ષ ૨૦૨૪માં રાજ્યના૧૬૪ જેટલા દર્દીઓનેવાયરલ એક્કેફેલાઈટીસનું સંક્રમણ જોવા મળ્યું. જે પૈકી ૬૧ જેટલા કેસ ચાંદીપુરા પોઝીટીવ હોવાનું જણાયું હતુ. ચાંદીપુરા રોગના સંક્રમણને અટકાવવા માટે રાજ્ય સરકારે પ્રો-એક્ટિવલી કામગીરી કરી છે. રાજ્યમાં શંકાસ્પદ અને પોઝીટીવ જણાયેલ અસરગ્રસ્ત વિસ્તારો સહિતના આસપાસના વિસ્તારોમાં કુલ ૫૩,૯૯૯ ઘરોમાં સર્વેલન્સની કામગીરીહાથધરાઈ.કુલ૭,૪૬,૯૨૭ કાચા ઘરોમાં મેલિથિયોન પાવડરથી ડસ્ટિંગની કામગીરી અને કુલ ૧,૫૭,૦૭૪ કાચા ઘરોમાં સ્પ્રેઈંગની કામગીરીકરવામાંઆવી છે. અસરગ્રસ્ત વિસ્તારોની કુલ ૩૧,૫૬૩ શાળામાં મેલિથિયોન પાવડરથી ડસ્ટિંગ અને કુલ ૮,૬૪૯ શાળામાં સ્પ્રેઈંગની કામગીરીકરવામાંઆવીછે. ટકુલ ૩૬,૧૫૦આંગણવાડીમાંમેલિથિયોન પાવડરથી ડસ્ટિંગ અને કુલ ૮,૬૯૬આંગણવાડીમાંસ્પ્રેઈંગની કામગીરી કરાઈ છે.અત્યાર સુધી નોંધાયેલ કુલ ૧૬૪ વાયરલ એક્કેફેલાઈટીસ સંક્રમિત દર્દીઓને સત્વરે અને સઘનસારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે પૈકી ૭૩ બાળકોના દુઃખદ મૃત્યુનિપજ્યા જે પૈકી ચાંદીપુરા સંક્રમિત ૨૮ બાળકોનાદુઃખદ મૃત્યુ નોંધાયા છે. તમામ કેસ પૈકી ૮૮ બાળકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હોવાનું મંત્રી શ્રી એ ઉમેર્યુ હતુ.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028